

અહા ! જુઓ તો ખરા ! ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં કેટલી ગંભીરતા છે ! દ્રવ્યની પર્યાય પરથી ફરે એ તો વાત છે જ નહિ, પણ દ્રવ્ય પોતે પોતાની પર્યાયને આડીઅવળી ફેરવવા માગે તોય ફરે નહિ !

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક, નથી ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ) નથી અનેક પ્રકારના કારણો કે નથી ચેતન-અચેતનનો ઘાત, 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક (-માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ) ખરેખર પુરુષોને બંધનું કારણ છે. ૪૭૫. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા કળશ-૧૬૪)

* હે ચિદાનંદરામ! પોતાને અમર કરીને અવલોકો! મરણ તમારામાં નથી. જેમ કોઈ ચક્રવર્તી, જેના ઘરમાં ચૌદ રત્ન અને નવ નિધિ, છતાં તે દરિદ્રી થયો થકો ફરે છે તે પોતાના ચક્રવર્તીપદના અવલોકનમાત્રથી ચક્રવર્તી પોતે થાય, તેમ સ્વપદને પરમેશ્વરરૂપ અવલોકે તો તે પરમેશ્વર છે. જુઓ કેવી મોટી ભૂલ! કે અવલોકનમાત્રથી પરમેશ્વર થાય એવી અવલોકના તો ન કરે અને ઇન્દ્રિયચોરને વશ બની પોતાના નિધાનને લૂંટાવી દરિદ્રી થઈ, ભવવિપત્તિ ભરે છે, ભૂલ મટાડતો નથી. ૪૭૬. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૪૫)

* જે યોગી કલ્પનાના ભયથી (-નિર્વિકલ્પ ધ્યાન નહિ થઈ શકે એવા ભયથી) શ્રુતજ્ઞાનની ભાવનાનું આલંબન કરતાં નથી તે અવશ્ય પોતાના આત્માના વિષયમાં મોહિત થઈ જાય છે તથા અનેક બાહ્ય ચિંતાઓને પણ ધારણ કરે છે. તેથી મોહનો નાશ કરવા માટે તથા બાહ્ય ચિંતાઓને દૂર કરવા માટે અને એકાગ્રતાની સિદ્ધિ કરવા માટે સૌથી પહેલાં શ્રુતથી પોતાના આત્માનો વિચાર કરવો જોઈએ. ૪૭૭.

(શ્રી નાગસેન મુનિરાજ, તત્ત્વાનુશાસન, શ્લોક-૧૪૫-૧૪૬)

* यह दृष्टि जगतके प्रपंच भावोमें लगी रहती है. यह दृष्टि वर्तमान प्राप्त शरीरके संस्कार व सुखोमें तन्मय रहती है. वही दृष्टि जब प्रपंचसे और शरीरसे हटकर अपने आत्माके स्वभाव पर जाती है, जिसका स्वभाव श्री सिद्ध जिन परमात्माके समान है तब इन्द्रियोंसे छूटकर अतीन्द्रिय आत्माका अनुभव होनेसे कर्मोकी निर्जरा होती है. ४७८. (श्री तारणस्वामी, उपदेश-शुद्धसार, श्लोक-२६०)

કહાન સંવત-૧૯ વર્ષ ૫૪ અંક ૩ [૬૪૭]

વીર સંવત ૨૫૨૩ સ. ૨૦૫૩ SEPT A. D. 1997

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીતરાગી વિજ્ઞાનમાં જણાતા વિશ્વના જ્ઞેય પદાર્થોનો સ્વભાવ

[શ્રી પ્રવચનસાર ગાથા-૯૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

[સળંગ પ્રવચન નં. ૩]

આ ગાથા અલૌકિક છે. આ ગાથામાં આચાર્યદેવે વસ્તુના સ્વભાવનું રહસ્ય મૂકી દીધું છે.

આત્મા જ્ઞાનસ્વભાવ છે. તે જ્ઞાનનો ગુણ 'જાણવું' તે છે એટલે કે જ્ઞાન જાણવાનું જ કામ કરે છે. આત્મામાં ને પરમાં ક્રમે ક્રમે જે અવસ્થા થાય તે જ્ઞેય છે, તેને જેમ હોય તેમ માત્ર જાણવાનો જ્ઞાનનો ગુણ છે પણ તેમાં કાંઈ ફેરફાર કરે એવો જ્ઞાનનો ગુણ નથી. જ્ઞાનનો ગુણ એટલે કે જ્ઞાનનો સ્વભાવ રાગાદિ પરિણામ થયા તેને પણ જાણવાનો જ્ઞાનનો ગુણ છે, પણ તે રાગને પોતાનો ત્રિકાળી સ્વભાવ માને એવો ગુણ નથી, તેમ જ તે રાગ-પરિણામને ફેરવીને આઘોપાછો કરે એવો પણ જ્ઞાનનો ગુણ નથી. બસ! સ્વ કે પર, વિકારી કે અવિકારી, બધાંય જ્ઞેયોને જાણવાનો જ જ્ઞાનનો ગુણ છે, રાગાદિ પરિણામ જેટલો જ હું—એમ જ્ઞાન માને નહિ. આવા જ્ઞાનસ્વભાવની પ્રતીત તે જ વીતરાગતાનું મૂળ છે.

આ જગતમાં અનંતા જીવ, અનંત પુદ્ગલો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને અસંખ્યાત કાળાણુ—એવા છ પ્રકારના પદાર્થો છે. તેમાંથી એકેક આત્માનો જ્ઞાનગુણ છએ પદાર્થોની ક્રમસર થતી બધી અવસ્થાઓને તથા દ્રવ્ય-ગુણને જાણનારો છે; આવો દરેક આત્માનો જ્ઞાનસ્વભાવ છે. આવા જ્ઞાનસ્વભાવને જે જાણે

તે જીવ રાગપરિણામને જાણે ખરો પણ તે રાગને પોતાનું મૂળ સ્વરૂપ ન માને,—રાગને ધર્મ ન માને, તેમ જ રાગપરિણામને આઘોપાછો કરવાનો પણ સ્વભાવ ન માને. તેના અવસરમાં તે રાગપરિણામ પણ સત્ છે, ને તેને જાણનારું જ્ઞાન પણ સત્ છે; દ્રવ્યના ત્રિકાળી પ્રવાહક્રમમાં તે રાગપરિણામ પણ સત્પણે આવી જાય છે, તેથી તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. રાગ હતો માટે રાગનું જ્ઞાન થયું—એમ નથી પણ જ્ઞાનનો જ સ્વભાવ જાણવાનો છે. આખા સ્વજ્ઞેયને જાણનારું જ્ઞાન તે રાગને પણ સ્વજ્ઞેયના અંશ તરીકે જાણે છે; ત્રિકાળી અંશીના જ્ઞાનસહિત અંશનું પણ જ્ઞાન કરે છે. જો રાગને સ્વજ્ઞેયના અંશ તરીકે સર્વથા જાણે જ નહિ તો તે જ્ઞાનમાં આખુંય સ્વજ્ઞેય પૂરું થતું નથી એટલે તે જ્ઞાન સાચું થતું નથી; તેમ જ જો તે રાગરૂપ અંશને જ આખું સ્વજ્ઞેય માની લ્યે ને ત્રિકાળી દ્રવ્ય-ગુણને સ્વજ્ઞેય ન બનાવે તો તે જ્ઞાન પણ મિથ્યા છે. દ્રવ્યગુણ ને સમસ્ત પર્યાયો એ ત્રણે થઈને સ્વજ્ઞેય પૂરું થાય છે, તેમાં અંશી–ત્રિકાળી દ્રવ્યગુણની રુચિ સહિત અંશને તેમ જ પરજ્ઞેયને જાણવાનું કામ સમ્યગ્જ્ઞાન કરે છે. યથાર્થ જ્ઞાનમાં જ્ઞેયોનો કેવો સ્વભાવ જણાય છે તેનું આ વર્ણન છે.

બધાય પદાર્થોનો સ્વભાવ ઉત્પાદ–વ્યય–ધ્રુવયુક્ત છે; દરેક પદાર્થમાં સમયે સમયે પરિણામ થાય છે; તે પરિણામો ક્રમે કરીને અનાદિ અનંત થયા કરે છે, એટલે સ્વ–અવસરે થતાં પરિણામોનો પ્રવાહ અનાદિ અનંત છે. તે પ્રવાહક્રમના નાનામાં નાના એકેક અંશો પણ ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ સ્વભાવવાળા છે. અનાદિ અનંતકાળના દરેક સમયમાં તે તે સમયનો પરિણામ સ્વયં સત્ છે. આવા સત્ પરિણામોને જ્ઞાન જાણે પણ તેમાં કાંઈ ફેરફાર કરી શકે નહિ. જેમ અગ્નિ કે બરફ વગેરે પદાર્થોને આંખ દેખે છે પણ તેમાં કાંઈ ફેરફાર કરતી નથી, તેમ જ્ઞાનની પર્યાય પણ જ્ઞેયોને સત્પણે જેમ છે તેમ જાણે જ છે, તેમાં કાંઈ ફેરફાર કરતી નથી. સ્વ–અવસરમાં જ્યારે જે પરિણામ છે તે વખતે તે જ પરિણામ હોય—બીજા પરિણામ ન હોય એમ જ્યાં જ્ઞાનમાં નક્કી કર્યું ત્યાં કોઈ પણ જ્ઞેયને આડુંઅવળું કરવાની મિથ્યાબુદ્ધિપૂર્વકના રાગદ્વેષ થતા નથી.

અહા! જુઓ તો ખરા! ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં કેટલી ગંભીરતા છે! દ્રવ્યની પર્યાય પરથી ફરે એ તો વાત છે જ નહિ, પણ દ્રવ્ય પોતે પોતાની પર્યાયને આડીઅવળી ફેરવવા માગે તોય ફરે નહિ. જેમ ત્રિકાળી દ્રવ્ય પલટીને બીજારૂપે થતું નથી તેમ તેનો એકેક સમયનો અંશ—પરિણામ પણ પલટીને બીજારૂપે થતો નથી. 'મારે જીવ નથી રહેવું પણ અજીવ થઈ જવું છે' એમ જીવને ફેરવીને કોઈ અજીવ

કરવા માગે તો શું તે ફરી શકે? ન જ ફરે. જીવ પલટીને કદી અજીવપણે ન થાય, ને અજીવ પલટીને કદી જીવપણે ન થાય. જેમ ત્રિકાળી સત્ નથી ફરતું તેમ તેનું વર્તમાન સત્ પણ નથી ફરતું. જેમ ત્રિકાળી દ્રવ્ય ફરતું નથી તેમ દ્રવ્યની એકેક સમયની અનાદિ અનંત અવસ્થાઓ પણ જે સમયે જેમ છે તેમાં ફેરફાર કે આઘુંપાછું થઈ શકે નહ. ત્રિકાળી પ્રવાહના વર્તમાન અંશો પોતપોતાના કાળે સત્ છે. બસ, પરમાં કે સ્વમાં ક્યાંય ફેરફારની બુદ્ધિ ન રહી એટલે જ્ઞાન જાણનાર જ રહી ગયું. પર્યાયબુદ્ધિમાં અટકવાનું ન રહ્યું. આમ જ્ઞાન જાણવાનું કામ કરે; એવા જ્ઞાનસ્વભાવની પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન છે. હજી કેવળજ્ઞાન થયા પહેલાં એ જીવ કેવળી ભગવાનનો લઘુનંદન થઈ ગયો. શ્રદ્ધા અપેક્ષાએ તો તે સાધક પણ સર્વનો જ્ઞાયક થઈ ગયો છે.

બધા પદાર્થોના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવને નક્કી કરતાં, સ્વમાં કે પરમાં ફેરફારની બુદ્ધિ ન રહી પણ જ્ઞાનમાં જાણવાનું જ કામ રહ્યું. એટલે જ્ઞાનમાં 'આમ કેમ' એવો ખદબદાટ નીકળી ગયો ને જ્ઞાન ધીરું થઈને પોતામાં ઠર્યું—આમાં જ જ્ઞાનનો પરમ પુરુષાર્થ છે, આમાં જ મોક્ષમાર્ગનો ને કેવળજ્ઞાનો પુરુષાર્થ આવી જાય છે. પરમાં કર્તાબુદ્ધિવાળાને જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી બેસતી ને તેને જ્ઞાનના સ્વભાવનો જ્ઞાયકપણાનો પુરુષાર્થ પણ નથી જણાતો.

અહો, બધાંય દ્રવ્યો પોતપોતાના અવસરમાં થતા પરિણામે વર્તી રહ્યાં છે, તેમાં તું ક્યાં ફેરફાર કરીશ? ભાઈ, તારો સ્વભાવ તો જોવાનો છે. તું જોનારને જોનાર જ રાખ, જોનારને ખદબદાટ કરનાર ન કર. જોનાર સ્વભાવની પ્રતીત તે જ સમ્યગ્દર્શન છે. પરમાં હું ફેરફાર કરું કે પર મારામાં ફેરફાર કરે—એ મિથ્યાદૃષ્ટિનો ભાવ છે, તેને જ્ઞાન અને જ્ઞેયના સ્વભાવની પ્રતીત નથી. જગતના જડ કે ચેતન બધાંય દ્રવ્યો પોતાના પ્રવાહમાં વર્તે છે, તેમાં જે જે અંશ વર્તમાન વર્તે છે તેને કોઈ આઘોપાછો ફેરવી શકે નહિ. હું ધ્યાન રાખી શરીરને સરખું રાખી દઉં એમ કોઈ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. શરીરના એકેક પરમાણુઓ તેના પોતાના પ્રવાહક્રમમાં વર્તી રહ્યા છે, તેના ક્રમને કોઈ ફેરવી શકે નહિ. ક્યાંય પણ ફેરફાર કરે એવું આત્માના કોઈ ગુણનું કાર્ય નથી, પણ આત્મા સ્વને જાણતાં પરને જાણે એવું તેના જ્ઞાનગુણનું સ્વ-પરપ્રકાશક કાર્ય છે. એની પ્રતીત એ જ મુક્તિનું કારણ છે.

દરેક દ્રવ્ય ત્રણેકાળે પરિણમ્યા કરે છે; તેના ત્રણેકાળના પ્રવાહમાં રહેલા બધાય પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. પોતાના સ્વકાળમાં તે બધાય પરિણામો પોતાની અપેક્ષાએ ઉત્પાદરૂપ છે, પૂર્વના પરિણામની અપેક્ષાએ વ્યયરૂપ છે, તેમ જ પરસ્પર

સંબંધવાળા સળંગ પ્રવાહ અપેક્ષાએ તેઓ ધ્રુવ છે. દ્રવ્યના બધાય પરિણામો પોત-પોતાના કાળમાં સત્ છે. તે પરિણામો પોતે પોતાની અપેક્ષાએ અસત્ (અર્થાત્ વ્યયરૂપ) નથી પણ પોતાની પહેલાંના પૂર્વ પરિણામની અપેક્ષાએ તે અસત્ (–વ્યયરૂપ) છે ને પહેલાં પછીના ભેદ પાડયા વગર સળંગ પ્રવાહને જુઓ તો બધાય પરિણામો ધ્રુવ છે. જ્યારે જુઓ ત્યારે દ્રવ્ય પોતાના વર્તમાન પરિણામમાં વર્તી રહ્યું છે. દ્રવ્ય ત્રિકાળ હોવા છતાં જ્યારે જુઓ ત્યારે તે વર્તમાન પરિણામમાં વર્તી રહ્યું છે, કાંઈ ભૂતમાં કે ભવિષ્યમાં તે વર્તતું નથી. દ્રવ્યના ત્રણેકાળના જે જે વર્તમાન પરિણામ છે તે પોતાની પહેલાંના પરિણામના અભાવસ્વરૂપ છે ને સ્વપરિણામપણે તે ઉત્પાદરૂપ છે તથા તે જ સળંગપ્રવાહપણે ધ્રુવરૂપ છે.

જુઓ, આમાં એ વાત તો આવી ગઈ કે પૂર્વ–પરિણામના અભાવસ્વરૂપ વર્તમાન પરિણામ છે. માટે પૂર્વના સંસ્કાર વર્તમાન પર્યાયમાં આવતા નથી, તેમ જ પૂર્વનો વિકાર વર્તમાનમાં આવતો નથી; પૂર્વે વિકાર કર્યો હતો માટે અત્યારે વિકાર થાય છે—એમ નથી. વર્તમાન-વર્તમાન પરિણામ સ્વતંત્રપણે દ્રવ્યપણે દ્રવ્યના આશ્રયે થાય છે. આ નિર્ણય થતાં જ્ઞાન અને શ્રદ્ધા દ્રવ્યસ્વભાવમાં જ વળી જાય છે. જેમ ત્રિકાળી જડદ્રવ્ય પલટીને ચેતન કે ચેતનદ્રવ્ય પલટીને જડ ન થાય તેમ તેનો વર્તમાન એકેક અંશ પણ પલટીને બીજા અંશપણે ન થાય. જે જે સમયનો જે અંશ છે તે તેપણે જ સત્ રહે. બસ! ભગવાન સર્વજ્ઞપણે જાણનાર છે તેમ આવી પ્રતીત કરનાર પોતે પણ પ્રતીતમાં જાણનાર જ રહ્યો.

પરને કારણે પરમાં કાંઈ થાય એ તો વાત ક્યાંય રહી ગઈ, પરંતુ દ્રવ્ય પોતે પોતાના કોઈ અંશને આઘોપાછો કરે એવી તે દ્રવ્યની પણ તાકાત નથી, પહેલાંનો અંશ પછી ન થાય, પછીનો અંશ પહેલાં ન થાય.—આ નક્કી કરનારને અંશબુદ્ધિ ટળીને અંશીની દૃષ્ટિ થતાં સમ્યક્ત્વપરિણામનો ઉત્પાદ ને મિથ્યાપરિણામનો વ્યય થઈ જાય છે.

પ્રભુ! તું આત્મા વસ્તુ છે. તારો જ્ઞાનગુણ તારા આધારે રહ્યો છે તે જાણવાના સ્વભાવવાળો છે ને તારા ત્રણકાળના પરિણામો પોતપોતાના અવસર પ્રમાણે દ્રવ્યમાંથી થયા કરે છે. તારા પોતાના વર્તમાન વર્તતા અંશને ઓછો-વધારે કે આગળ-પાછળ કરી શકે એવો તારો સ્વભાવ નથી, તેમ પરના પરિણામમાં પણ ફેરફાર થઈ શકતો નથી. સ્વ-પર સમસ્ત જ્ઞેયોને જેમ છે તેમ જાણવાનો જ તારો સ્વભાવ છે. આવા જાણકસ્વભાવની પ્રતીતમાં જ આત્માનું સમ્યક્ત્વ છે.

શ્રોતા:—મિથ્યાત્વપરિણામને ફેરવીને સમ્યક્ત્વ કરું—એમ તો થાય ને?

પૂજ્ય ગુરુદેવ:—જુઓ, જાણવાના સ્વભાવની પ્રતીત કરતાં સમ્યગ્દર્શન થયું તેમાં મિથ્યાત્વ ટળેલું જ છે. સમ્યક્ત્વપરિણામનો ઉત્પાદ થયો તે વખતે મિથ્યાત્વપરિણામ વર્તમાન હોતા નથી, માટે તેને ફેરવવાનું પણ ક્યાં રહ્યું? મિથ્યાત્વ ટાળીને સમ્યક્ત્વ કરું એવા લક્ષે સમ્યક્ત્વ થતું નથી પણ દ્રવ્ય સામે દૃષ્ટિ થતાં સમ્યક્ત્વનો ઉત્પાદ થાય છે તેમાં પૂર્વના મિથ્યાત્વપરિણામનો અભાવ થઈ જ ગયો છે. માટે તે પરિણામને પણ ફેરવવાનું રહેતું નથી. મિથ્યાત્વ ટળીને સમ્યક્ત્વ પર્યાય થઈ તેને પણ આત્મા જાણે છે, પણ પરિણામના કોઈ ક્રમને તે આવાપાછા ફેરવતો નથી.

અહો, જે જે પદાર્થનો જે વર્તમાન અંશ તે કદી ફરે નહિ.—આમાં એકલું વીતરાગી વિજ્ઞાન જ આવે છે. પર્યાય ફેરવવાની બુદ્ધિ નહિ ને 'આમ કેમ' એવો વિષમભાવ નહિ એટલે શ્રદ્ધા અને ચારિત્ર બન્નેનો મેળ થઈ ગયો. આ છઠ્ઠી ગાથામાં બે નવડા ભેગા થાય છે ને તેમાંથી સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર બન્ને ભેગા થઈ જાય તેવા ઊંચા ભાવો નીકળે છે. જેમ 'નવ'નો આંક અફર ગણાય છે તેમ આ ભાવો પણ અફર છે.

ત્રિકાળી દ્રવ્યના એકેક સમયના પરિણામ સત્ છે. એ 'સત્' જેને નથી બેઠું ને પર્યાયોમાં ફેરફાર કરવાનું માને છે તેને વસ્તુના સ્વભાવની, સર્વજ્ઞદેવની ગુરુની કે શાસ્ત્રની વાત બેઠી નથી, અને ખરેખર તેણે તે કોઈને માન્યા નથી.

ત્રિકાળી વસ્તુનું વર્તમાન ક્યારે ન હોય?—સદાય હોય. વસ્તુનો કોઈ પણ અંશ લ્યો તે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. વસ્તુને જ્યારે જુઓ ત્યારે તે વર્તમાન વર્તતી છે. એ વર્તમાનને અહીં સ્વયંસિદ્ધ સત્ સાબિત કરે છે. જેમ ત્રિકાળી સત્ પલટીને ચેતનમાંથી જડ થઈ જતું નથી, તેમ તેના એકેક વર્તમાન અંશ છે તે સત્ છે તે અંશ પણ પલટીને આવોપાછો થતો નથી. આવો વસ્તુસ્વભાવ જાણ્યો તેને પોતાના એકલા જ્ઞાયકપણાની પ્રતીત થઈ, તે જ ધર્મ થયો અને તેણે દેવ-શાસ્ત્ર-ગુરુને પણ ખરેખર માન્યા કહેવાય.

ત્રણેકાળના સમયમાં ત્રણેકાળના પરિણામો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે; કોઈ પણ એક સમયનો જે પરિણામ છે તે પરિણામ પહેલાં ન હતો ને પછી ઊપજ્યો, એટલે પૂર્વપરિણામની પછીના તરીકે તે ઉત્પાદરૂપ છે, તથા તે પરિણામ વખતે પૂર્વના પરિણામનો વ્યય છે, પૂર્વના પરિણામનો વ્યય થઈને તે પરિણામ ઊપજ્યો છે માટે પૂર્વના પરિણામની અપેક્ષાએ તે જ પરિણામ વ્યયરૂપ છે, ને ત્રણેકાળના પરિણામના સળંગ પ્રવાહની અપેક્ષાએ તે પરિણામ ઊપજ્યો પણ નથી ને વિનાશરૂપ પણ

નથી,—તેમ છે એટલે કે ધ્રુવ છે. એ રીતે અનાદિ અનંત પ્રવાહમાં જ્યારે જુઓ દરેક પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવરૂપ છે.

કોઈ પણ વસ્તુના પર્યાયમાં ફેરફાર કરવાની હોંશ તે પર્યાયબુદ્ધિનું મિથ્યાત્વ છે; તેને જ્ઞાનસ્વભાવની પ્રતીત નથી તેમ જ જ્ઞેયોના ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વભાવની પણ ખબર નથી. અરે ભગવાન! વસ્તુ 'સત્' છે ને? તો તે સત્‌ના જ્ઞાન સિવાય તેમાં બીજું તું શું કરીશ? તું સત્‌માં ફેરફાર કરવાનું માનીશ તો કાંઈ નહિ ફરે પણ તારું જ્ઞાન અસત્ થશે. જે પ્રમાણે વસ્તુ સત્ છે તે પ્રમાણે તેને કેવળજ્ઞાનમાં ભગવાને જાણી, વાણી દ્વારા તે જ કહેવાયું, ભગવાને તો માત્ર જેમ સત્ હતું તેમ જ્ઞાન કર્યું છે, વાણી જડ છે તે પણ ભગવાને કરી નથી. ભગવાનનો આત્મા પોતાના કેવળજ્ઞાનપરિણામમાં વર્તી રહ્યો છે, ને વાણીની પર્યાય પરમાણુઓના પરિણમન પ્રવાહમાં વર્તી રહી છે, તથા સમસ્ત પદાર્થો પોતાના સત્‌માં વર્તી રહ્યા છે, જ્ઞાયકમૂર્તિ આત્મા તો જાણવાનું કામ કરે છે કે 'આમ સત્ છે.' બસ! આનું નામ સમ્યગ્દર્શન અને વીતરાગતાનો માર્ગ છે.

ભગવાન કેવા છે?—કે 'સર્વજ્ઞ'—સર્વના જાણનારા; કોઈમાં ફેરફાર કે રાગ-દ્વેષ કરનારા નહિ. ભગવાનની જેમ મારા આત્માનો સ્વભાવ પણ જાણવાનો છે—એમ તું પણ તારા આત્માના જાણનાર સ્વભાવની શ્રદ્ધા કર ને પદાર્થોમાં ફેરફાર કરવાની બુદ્ધિ છોડ. જેણે પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરી તે અસ્થિરતાના રાગદ્વેષનો પણ જાણનાર જ રહ્યો. જેણે આવા જ્ઞાનસ્વભાવને માન્યો તેણે જ આત્માને માન્યો, તેણે જ ગુરુને તથા શાસ્ત્રને માન્યાં, તેણે જ નવપદાર્થને માન્યા, તેણે જ છ દ્રવ્યોને તથા તેમના વર્તમાન અંશને માન્યાં; તેનું જ નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

'જાણવું' તે આત્માનો સ્વભાવ છે. બસ, જાણવું તે જ આત્માનો પુરુષાર્થ, તે જ આત્માનો ધર્મ, તેમાં જ મોક્ષમાર્ગ ને તેમાં જ વીતરાગતા. અનંતા સિદ્ધભગવાન પણ સમયે સમયે પૂરું જાણવાનું જ કાર્ય કરી રહ્યાં છે.

જ્ઞાનમાં સ્વ-પર જ્ઞેયો છે. 'જ્ઞાન જાણનાર છે' એમ જાણ્યું તેમાં જ્ઞાન પણ સ્વજ્ઞેય થયું. જ્ઞાનને રાગાદિનું કરનાર કે ફેરવનાર માને તો તેણે જ્ઞાનના સ્વભાવને જાણ્યો નથી,—પોતે પોતાને સ્વજ્ઞેય બનાવ્યું નથી એટલે તેનું જ્ઞાન મિથ્યા છે. વસ્તુના બધાય પરિણામો પોતપોતાના સમયમાં સત્ છે—એમ કહેતાં જ પોતાનો જ્ઞાયક જ સ્વભાવ છે—એમ તેમાં આવી જાય છે. [ક્રમશઃ]

❋ પુણ્ય-પાપ બન્ને બંધ-માર્ગ છે ❋

[શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૫૪)

શ્રી નાટક સમયસાર શાસ્ત્રનો આ પુણ્ય-પાપ એકત્વ અધિકાર છે, તેના બીજા કળશના ત્રીજા પદ્યનો ભાવાર્થ લેવાનો છે.

ભાવાર્થ:—જેવી રીતે પાપકર્મ બંધન છે તથા સંસારમાં ભટકાવનાર છે તેવી જ રીતે પુણ્ય પણ બંધન છે અને તેનો વિપાક સંસાર જ છે તેથી બંને એક જેવા જ છે, પુણ્ય સોનાની બેડી જેવું અને પાપ લોઢાની બેડી જેવું છે, પણ બંને બંધન છે.

હિંસા, જૂઠ, રાગ-દ્વેષાદિ અશુભભાવ છે તે જેમ બંધના કારણ છે તેમ અહિંસા, સત્ય, દયા, દાન, ભક્તિ, પૂજા આદિ શુભભાવ છે તે પણ બંધના કારણ છે. બંને પ્રકારના ભાવો જીવને સંસારમાં રખડાવનારા છે. અમારે વિષય-કષાય વગર ચાલે નહિ, દારૂ-માંસ વગર ચાલે નહિ, ધંધાદિમાં પાપ થાય તેનો અમને કાંઈ વાંધો નહિ એમ માનનારા તો અશુભભાવમાં ઊભા છે પણ ત્યાગી નામ ધરાવી, શ્રાવક નામ ધરાવી અમારે વિષય કષાય ખપે નહિ, દારૂ-માંસ ખપે નહિ, પાપના ધંધા કરીએ નહિ, અમારે માટે કરેલો આહાર ખપે નહિ એવા શુભભાવમાં ઊભા છે પણ આત્માની ઓળખાણ નથી તો એ પણ સંસારમાં રખડાવનાર જ છે. અર્થાત્ પુણ્ય-પાપ બંધ જ છે માટે સંસારમાં રખાડાવનાર છે. આ ખપે નહિ...આ ખપે નહિ...એ પણ બધો વિભાવભાવ છે તેને એણે ધર્મ માન્યો એ જ મોટી ભૂલ થાય છે તે તેને સંસારનું ફળ આપે છે.

અશુભ કે શુભ કોઈ પણ વિકલ્પની વૃત્તિઓ છે તે બધા વિભાવના પુત્ર છે— ચંડાલણીના પુત્ર છે. આત્મા તો જ્ઞાન અને આનંદનો સાગર છે તેમાં આ બંને વૃત્તિઓ દુઃખરૂપ છે, ઝેર છે. એક લોઢાની બેડી છે તો એક સોનાની બેડી છે, તે બંને જીવને બાંધે છે, સંસારમાં રખડાવે છે, આત્માની શાંતિને લૂંટે છે.

ભગવાન આત્મા એક વસ્તુ છે—પદાર્થ છે—સત્ છે તે જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છત્વ આદિ અનંત ગુણરૂપ સત્વથી ભરેલું તત્ત્વ છે. તેના શુદ્ધ પરિણામ થાય તે તેને અબંધનું કારણ છે, તે જ ધર્મના પરિણામ છે. જે જ્ઞાન અને આનંદનું ધામ

છે તેમાંથી જે અંકુર ફૂટે તે જ્ઞાન અને આનંદ આપે છે. બાકી મને આ ન ખપે એવા શુભભાવ તો બધાં બંધના કારણ છે—વિકારી પર્યાય છે—આત્માનો પુત્ર નથી. વિભાવનો પુત્ર છે.

શુભોપયોગરૂપ વ્યવહારમાં મગ્ન રહેતો જીવ શુદ્ધોપયોગરૂપ નિજભાવને જાણતો નથી કે જે શુભ અને અશુભ બંનેથી રહિત છે. એક સૂક્ષ્મ એવા રાગના કણને પણ જે મારો માનીને લાભરૂપ માને છે તેને સંસાર છે કારણ કે તે મિથ્યાત્વના ફળમાં સંસાર જ મળે છે.

હું દેવ-શાસ્ત્ર-ગુરુનો વિનય કરું...કેમકે વિનય જ મોક્ષનું કારણ છે તેથી આ વિનયથી જ મારો મોક્ષ થશે—એમ માને છે પણ ભાઈ! કયા વિનયથી મોક્ષ છે એ તો તું સમજ! પરદ્રવ્ય પ્રત્યેનો વિનય તો વિકલ્પ છે. સ્વદ્રવ્યનો વિનય મોક્ષનું કારણ છે તેની સાથે દેવ-શાસ્ત્ર-ગુરુના વિનયનો વિકલ્પ આવશે જરૂર પણ તેને દુઃખરૂપ જાણવો અને સ્વભાવ તરફ દૃષ્ટિ દેવી. પરદ્રવ્યનો આશ્રય લઈને જે કોઈ પરિણામ થાય છે તે બધાં બંધનના કારણ છે તેથી જ શુભભાવને પણ બંધનું કારણ કહ્યું છે. ત્રણલોકના નાથની વાણી સાંભળવાના ભાવ થાય એ પણ શુભભાવ છે માટે પુણ્યબંધનું કારણ છે.

બાપુ! તું ક્યાં ગુણ અને આનંદથી ખાલી કે પરને અનુસરીને પરિણામ કરવા જાય છો! તું તો ભગવાન છો. સાક્ષાત્ ભગવાન છો. તું પોતે પરમાત્મા છો. શાંતિ અને જ્ઞાનાદિ ગુણે પરિપૂર્ણ પ્રભુ છો. તેની દૃષ્ટિ વિના જેટલા પરાશ્રિત પરિણામ થાય તે બધાં ઝેર જેવા દુઃખદાયક છે. માટે કોઈ શુભપરિણામમાં સંતોષ માનીને અટકી જઈશ નહિ. અમે બ્રહ્મચારી છીએ. આરંભ-પરિગ્રહથી રહિત છીએ માટે સુખી છીએ એમ માનીને અટકી જઈશ નહિ. અંતરનો આત્માના સુખનો માર્ગ કોઈ જુદો છે ભાઈ?

ઇન્દ્રાણી ઉપરથી ચળાવવા આવે તોપણ ચળે નહિ એવું સાધુપણું પાળીને નવમી ગ્રૈવેયક જાય તે શુભ વિકલ્પનું ફળ છે. તેમાં ધર્મ નથી. ભગવાન આત્મા તો નિર્મળાનંદ સત્‌ચિદાનંદમૂર્તિ છે. તેના આશ્રય વિના ધર્મની શરૂઆત પણ થતી નથી. ગમે તેવા ઊંચા પુણ્યનો બંધ હો પણ તેનો વિપાક—ફળ સંસાર જ છે.

આત્મા અવિનાશી છે તેમ તેની જ્ઞાન, આનંદ આદિ બધી શક્તિઓ પણ અવિનાશી છે. આ અવિનાશીનો આનંદને પકડવો અને તેમાં એકાકાર થવું—તેનું નામ ધર્મ છે. આમ પહેલાં શ્રદ્ધામાં ધર્મના સ્વરૂપનો પક્ષ તો કર! વિકલ્પથી નિર્ણય

તો કર કે અંતરસ્વભાવનાં સ્પર્શથી જ ધર્મ થાય તેમ છે. તેના શુભ અશુભ બંને ભાવ તો સંસારનો પાઠ આપનારા છે. પુણ્ય સોનાની બેડી સમાન છે અને પાપ લોહાની બેડી સમાન છે. બંને ભાવ જીવને બંધન કરાવનારા છે.

આ સાંભળીને શિષ્યને પુણ્ય-પાપની સમાનતામાં શંકા ઉપજે છે તેથી પ્રશ્ન કરે છે.

શિષ્ય કહે છે મહારાજ ! પુણ્ય અને પાપમાં તો કેટલો ફરક છે, તે એક કેમ હોય ! અશુભ ભાવાળો જીવ દુકાનના થડે બેઠો હોય, વેપાર કરતો હોય, કારખાના ચલાવતો હોય તે અને શુભભાવવાળો ત્યાગી મુનિ થઈને મહાવ્રત પાળતો હોય તે બંનેમાં કેટલો ફેર છે છતાં બંનેને એક કેમ કહેવાય !

कोऊ शिष्य कहै गुरु पाहीं ।
पाप पुन्न दोऊ सम नाहीं ॥
कारन रस सुभाव फल न्यारे ।
एक अनिष्ट लगैं इक प्यारे ॥ ४ ॥

અર્થ:—શ્રીગુરુની પાસે કોઈ શિષ્ય કહે છે કે પાપ અને પુણ્ય બંને સમાન નથી કારણ કે તેમના કારણ, રસ, સ્વભાવ તથા ફળ ચારેય જુદાં જુદાં છે. એકના (કારણ, રસ, સ્વભાવ, ફળ) અપ્રિય અને એકના પ્રિય લાગે છે.

પુણ્ય-પાપના બંધનના કારણમાં ફેર છે. પુણ્યબંધનું કારણ શુભભાવ છે અને પાપબંધનું કારણ અશુભભાવ છે એમ બંનેના રસમાં પણ ફેર છે, સ્વભાવ પણ બંનેના જુદાં છે અને ફળ પણ અનુકૂળ અને પ્રતિકૂળ એમ બે પ્રકારનું અલગ-અલગ લાગે છે. એક પ્રિય લાગે છે તો એક અપ્રિય લાગે છે તો એ બંને ભાવને સમાન કેમ કહો છો ! એકને નિર્ધનતા હોય, કાળુ શરીર હોય, કાને સંભળાતું ન હોય, આંખે દેખાતું ન હોય, ઘરમાં સ્ત્રી ન હોય, મહિને રપ રૂપિયા રળવાની શક્તિ ન હોય અને એકને ઘેર બધી જાતની અનુકૂળતા હોય, શરીર સુંદર અને બળવાન હોય, કમાણીનો પાર ન હોય.—એમ બંનેમાં ફેર હોવા છતાં આપ સમાન કેમ કહો છો ?

આ બંને પ્રકારની સામગ્રી બાહ્યમાં રહી જાય છે, તે કોઈ આત્માને સુખ કે દુઃખ આપનારી નથી, તેનાથી આત્માને કાંઈ લાભ કે નુકશાન નથી. માત્ર અજ્ઞાની જીવ કલ્પના કરે છે કે આ મને દુઃખ છે અને આ મને સુખ છે. આ કલ્પના એને બંધનું કારણ છે.

એકને સૂકા રોટલા ખાવા મળતા હોય અને એકને શીખંડ અને પૂરી મળતી

હોય તો એ બંને સંયોગમાં ફેર છે કે નહિ!—સંયોગમાં ફેર ભલે હોય પણ આત્માને માટે તે કોઈ સંયોગ સુખ કે દુઃખના કારણ નથી.

વળી શિષ્ય વિશેષ સ્પષ્ટ કરે છે.

संकलेस परिनामनिसौं पाप बन्ध होइ,
विसुद्धसौं पुन्न बन्ध हेतुभेद मानीयै ।
पापके उदै असाता ताकौ है कटुक स्वाद,
पुन्न उदै साता मिष्ट रस भेद जानियै ।
पाप संकलेस रूप पुन्न है विसुद्धरूप,
दुहूंकौ सुभाव भिन्न भेद यौं बखानियै ।
पापसौं कुगति होइ पुन्नसौं सुगति होइ,
एसौ फलभेद परतच्छि परमानियै ॥ ५ ॥

અર્થ:—સંકલેશ ભાવોથી પાપ અને નિર્મળભાવોથી પુણ્યબંધ થાય છે. આ રીતે બંનેના બંધમાં કારણભેદ છે. પાપનો ઉદય અશાતા છે, જેનો સ્વાદ કડવો છે અને પુણ્યનો ઉદય શાતા છે, જેનો સ્વાદ મધુર છે. આ રીતે બંનેના સ્વાદમાં અંતર છે. પાપનો સ્વભાવ તીવ્રકષાય અને પુણ્યનો સ્વભાવ મંદકષાય છે. આ રીતે બંનેના સ્વભાવમાં ભેદ છે. પાપથી કુગતિ અને પુણ્યથી સુગતિ થાય છે. આ રીતે બંનેમાં ફળભેદ પ્રત્યક્ષ દેખાય છે.

આમ શિષ્યને શંકા છે કે એક તો માઠા પરિણામ છે અને એક તો વિશુદ્ધ પરિણામ છે. આમ પુણ્ય-પાપ બંનેના કારણરૂપ ભાવમાં સ્પષ્ટ ફેર છે અને તમે કહો છો કે બંને એક છે!

પાપના ઉદયમાં કડવો સ્વાદ આવે છે. બાયડી મરી જાય, નિર્ધનતા થઈ જાય, પૈસાનું કાંઈ સાધન ન રહે, આખો દિવસ ઘરમાં કલેશ કલેશ રહ્યા કરે અને પુણ્યનો ઉદય હોય તો બાયડી-છોકરા કહ્યાગરાં હોય, પૈસાની અનુકૂળતા હોય, આબરૂ આદિ હોય...આટલો બધો પાપ-પુણ્યના સ્વાદમાં ફેર છે છતાં તમે કહો છો કે બંનેમાં કાંઈ ફેર નથી?

પાપનો સ્વભાવ તીવ્રકષાય-સંકલેશભાવ છે અને પુણ્યનો સ્વભાવ મંદકષાય વિશુદ્ધભાવ છે આમ બંનેના સ્વભાવમાં ફેર હોવા છતાં તેને તમે એક કેમ કહો છો?

પાપના ફળમાં કુગતિ મળે છે અને પુણ્યના ફળમાં સુગતિ મળે છે આવો મોટો

ફેર પ્રત્યક્ષ દેખાય છે અને તમે બંનેના ફળને એકસરખું કહો છો તે અમને સમજાતું નથી.

ભાઈ! આત્માના આનંદના સ્વાદના અનુભવ વિના પુણ્યવાળા કે પાપવાળા બંને દુઃખીના દાળિયા છે, કોઈને સાચા સુખની ખબર નથી. એમ શ્રીગુરુ શિષ્યની શંકાનું સમાધાન નીચેના પદ્યમાં કરે છે.

पाप बन्ध पुन्न बन्ध दुहूमें मुकति नांहि,
कटुक मधुर स्वाद पुग्गलको पेखिए।
संकलेस विसुद्ध सहज दोऊ कर्मचाल,
कुगति सुगति जगजालमें विसेखिए॥
कारनादि भेद तोहि सूझत मिथ्यात मांहि,
एसौ द्वैत भाव ग्यान दृष्टिमें न लेखिए।
दोऊ महा अन्धकूप दोऊ कर्मबन्धरूप,
दुहूंको विनास मोख मारगमें देखिए॥ ६॥

અર્થ:—પાપબંધ અને પુણ્યબંધ બંને મોક્ષમાર્ગમાં બાધક છે, તેથી બંનેય સમાન છે, એના કડવા અને મીઠા સ્વાદ પુદ્ગલના છે તેથી બંનેના રસ પણ સમાન છે, સંકલેશ અને વિશુદ્ધભાવ બંને વિભાવ છે તેથી બંનેના સ્વભાવ પણ સમાન છે, કુગતિ અને સુગતિ બંને સંસારમય છે તેથી બંનેનું ફળ પણ સમાન છે. બંનેના કારણ, રસ, સ્વભાવ અને ફળમાં તને અજ્ઞાનથી ભેદ દેખાય છે પરંતુ જ્ઞાનદૃષ્ટિથી બંનેમાં કાંઈ અંતર નથી—બંને આત્મસ્વરૂપને ભૂલાવનાર છે તેથી મહા અંધકૂપ છે અને બંનેય કર્મબંધરૂપ છે તેથી મોક્ષમાર્ગમાં એ બંનેનો ત્યાગ કહ્યો છે.

પાપબંધ અને પુણ્યબંધ બંને મુક્તિના કારણ તો નથી પણ બંને મુક્તિમાં બાધક છે. તેનો સ્વાદ મધુર હો કે કડવો હો પણ પુદ્ગલનો સ્વાદ છે. એકેયમાં આત્માનો સ્વાદ નથી. કોઈને અનુકૂળ સામગ્રી મળે કે કોઈને પ્રતિકૂળ સામગ્રી મળે તેથી આત્મામાં કાંઈ ફેર પડી જતો નથી.

આત્મા તો ચૈતન્યપ્રકાશની મૂર્તિ છે અને સંકલેશ પરિણામ હો કે વિશુદ્ધ પરિણામ હો તે તો બંને કર્મની ચાલ છે. આત્માના ભાવ નથી—અજ્ઞાનભાવ છે, તેમાં ચૈતન્યપ્રકાશ વ્યાપતો નથી. સહજપણે જ—સ્વાભાવિકપણે જ તે બંને કર્મની ચાલ છે, તેમાં આત્મા નથી.

જગતને આકરી પડી જાય એવી વાત છે.

પુણ્યના ફળમાં દેવાદિ ગતિ મળે કે પાપના ફળમાં નરકાદિ કુગતિ મળે પણ તે બંને સંસારની જાળ છે. અજ્ઞાની જીવ પુણ્ય કરીને કદાચિત્ સ્વર્ગમાં જાય તોપણ પછી તો નીચે જ રખડવાનો છે અને જ્ઞાનીને કદાચિત્ નર્કાયુ બંધાઈ ગયું હોય અને નરકમાં જવું પડે તો પછી તો તેને નરકગતિ ખરી જાય છે. ફરી તે નરકમાં જતો નથી કેમકે તે સંસારની જાળથી છૂટયો છે. સંસારજાળમાં ફસાયેલો જીવ નરકમાં હો કે સ્વર્ગમાં હો દુઃખી જ છે.

શિષ્યને કહે છે કે તારી દૃષ્ટિમાં મિથ્યાત્વ છે તેથી તને પુણ્ય-પાપના બંધનમાં, રસમાં, સ્વભાવમાં અને ફળાદિમાં ફેર લાગે છે. જો તું સત્‌ચિદાનંદ નિજ સ્વભાવને જોઈશ તો તને જ્ઞાનદૃષ્ટિ થશે તેમાં તને પુણ્ય અને પાપમાં ભેદ નહિ દેખાય. પુણ્ય-પાપ બંને એક જ અજ્ઞાનરૂપ દેખાશે, દ્વૈત-બેપણે નહિ દેખાય. આનંદના નૂરના પૂર પાસે તે બંને ભાવ દુઃખરૂપ જ છે, બંને વિકાર છે એમ દેખાશે.

બાહ્યમાં અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો તેને જ્ઞાની બેપણે જોતા નથી. બંનેને સમાન જાણે છે. જ્ઞાનદૃષ્ટિમાં શુભભાવ અને અશુભભાવ બંને બંધના જ કારણ છે. તેથી જ્ઞાની બંનેને ઝેરરૂપ જાણે છે. પાપ અને પુણ્યનો આશ્રય જુદો નથી. બંને એકસરખા બંધભાવ છે એમ જ્ઞાની ધર્માત્મા જાણે છે.

પુણ્ય-પાપ બંને અજ્ઞાનભાવ છે, અનુકૂળતા-પ્રતિકૂળતા બંને સંયોગ છે, કોઈ સારું કે ખરાબ નથી, માત્ર જ્ઞેય છે. પુણ્ય સારું અને પાપ ખરાબ છે એમ નથી, બંનેની જાત એક જ છે તેથી જ્ઞાની તેમાં ભેદ પાડતા નથી.

આ પ્રમાણે અંદરમાં બેસવું જોઈએ હો! માત્ર ભાષામાં નહિ! દોઝ મહા અન્ધકૂપ ભગવાન આત્મા તો અમૃત આનંદનો મહાસાગર છે અને પુણ્ય-પાપ તો અંધારો કૂવો છે. બંને કર્મબંધરૂપ છે તેથી મોક્ષમાર્ગમાં બંનેનો વિનાશ છે. પુણ્ય પાપ બંનેનો નિષેધ થઈને નાશ થાય ત્યારે મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટ થાય છે માટે મોક્ષમાર્ગમાં કોઈનું સ્થાન નથી.

લોકોને એમ થાય છે કે પુણ્ય કરીને પહેલાં સ્વર્ગમાં તો જવા દો, પછી મોક્ષમાં જશું. પહેલાં સ્વર્ગમાં સુખ તો ભોગવી લઈએ. અરે ભાઈ! સ્વર્ગમાં સુખ છે અને પુણ્યભાવ સારાં છે એ માન્યતા જ મૂઢ અજ્ઞાનીની છે. એવી માન્યતા લઈને કોઈ મોક્ષમાં જઈ શકતું નથી. દેવલોકમાં કે શેઠાઈ આદિમાં સુખ નથી, સુખ તો આત્મામાં છે. દેવલોકમાંથી સુખ લેવા માગે છે તે મૂઢ છે, અજ્ઞાની છે.

પુણ્ય-પાપ તો એવા છે કે અતીન્દ્રિય આનંદને જીવ ભૂલે છે ત્યારે એ થાય

છે. માટે તારે કલ્યાણ કરવું હોય તો પહેલાં અતીન્દ્રિય આનંદના નાથને ઓળખવો પડશે. પુણ્ય કરવાથી કલ્યાણ નહિ થાય. માનો કે ન માનો પણ આ એક જ સાચી વાત છે કે ભગવાન આત્માને ઓળખવાથી જ કલ્યાણ છે. બીજી બધી માન્યતા ખોટી છે. દયા, દાનાદિ ભાવથી કલ્યાણ થવાનું નથી. પાપ-પુણ્ય બંને ભાવ હેય જ છે. એકવાર નહિ, લાખવાર નહિ પણ અનંતવાર કહીએ છીએ કે તે હેય છે.

અરે! એક તો દ્રવ્યક્રિયાની રુચિ છે અને ઉપદેશક પણ એવા મળે છે કે ક્રિયા કરો તો ધર્મ થાય. એટલે 'બાઈ રોતી હતી અને પીયરીયા મળ્યા' એના જેવું થાય. એક તો અજ્ઞાનીને પુણ્યના પરિણામ રુચે છે અને ઉપદેશક પણ એવા જ મળે પછી તેને સાચું જ્ઞાન થવાનો અવકાશ ક્યાંથી રહે!

(બારી ખોલી એટલે હવા આવે...આ બધા શરીરના ચાળાં છે. આ તો માટી છે, તેને જેમ રહેવું હોય તેમ રહે, એ કાંઈ આત્માની સંભાળથી રહે નહિ.)

दुहूंको विनाश मोख मारगमैं जानिये।—ભગવાને તો બંને ભાવોનો ત્યાગ કર્યો છે પણ તમે શ્રદ્ધામાં તો બંનેનો ત્યાગ કરો. ચારિત્રમાં તે બંને ભાવ ભલે હો પણ શ્રદ્ધામાંથી તો છોડી જ દો. અને અરાગી નિર્દોષ સ્વરૂપ ભગવાન આત્માનો આદર કરો! એ સિવાય કદી ધર્મ થાય તેમ નથી. માટે હવે કહે છે કે મોક્ષમાર્ગમાં શુદ્ધોપયોગ જ ઉપાદેય છે. કારણ કે શુદ્ધઆચરણ એ જ મોક્ષનો માર્ગ છે. જ્યાં અંતરમાં આનંદના ઊભરા આવે છે એવી છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની મુનિદશામાં શુદ્ધોપયોગનો જ આદર છે.

જેટલો અશુભ ટળે છે એટલી શુભભાવમાં શુદ્ધતા છે એમ કોઈ માનતું હોય તો તે ખોટી વાત છે. શુભભાવ તો જીવે અનંતવાર કર્યો અને તેના ફળમાં નવમી ગ્રૈવેઈક જઈ આવ્યો પણ શુદ્ધતા પ્રગટ ન થઈ, કારણ કે શુભભાવમાં કાંઈ શુદ્ધતાનો અંશ નથી.

कर्म सर्वमपि सर्वविदो यद् बन्धसाधनमुशन्त्यविशेषात्।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं ज्ञानमेव विहितं शिवहेतु ॥ કળશ ૪ ॥

ગુરુ કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વર કે જેણે ત્રણકાળ ત્રણલોકને જાણ્યા છે તે તો આમ કહે છે કે શુભ-અશુભ બંને ભાવ બંધની પરંપરા છે, એક શુદ્ધોપયોગ જ મોક્ષમાર્ગમાં ઉપાદેય છે, તે જ પરમપદ આપનાર છે.

सील तप संजम विरति दान पूजादिक
अथवा असंजम कषाय विषैभोग है।
कोऊ शुभरूप कोऊ अशुभ स्वरूप मूल,
वस्तुके विचारत दुविध कर्मरोग है॥
ऐसी बन्धपद्धति बखानी वीतराग देव,
आतम धरममैं करम त्यागजोग है।
भौ-जल-तरैया रागद्वेषको हरैया महा,
मोखको करैया एक सुद्ध उपयोग है॥ ७॥

અર્થ:—બ્રહ્મચર્ય, તપ, સંયમ, વ્રત, દાન, પૂજા આદિ અથવા અસંયમ, કષાય, વિષય ભોગ આદિ એમાં કોઈ શુભ અને કોઈ અશુભ છે, આત્મસ્વભાવનો વિચાર કરવામાં આવે તો બંનેય કર્મરૂપી રોગ છે. ભગવાન વીતરાગદેવે બંનેને બંધની પરંપરા કહી છે, આત્મસ્વભાવની પ્રાપ્તિમાં બંને ત્યાજ્ય છે. એક શુદ્ધોપયોગ જ સંસાર સમુદ્રથી તારનાર, રાગ-દ્વેષનો નાશ કરનાર અને પરમપદ આપનાર છે.

પુણ્ય અને પાપના ભાવ તો અનંતકાળથી જીવ કરતો આવ્યો છે. એ તો કર્મરૂપી રોગ છે. આત્માનો સ્વભાવ નથી. 'બ્રહ્મચર્ય'માં—શરીરથી બ્રહ્મચર્ય પાળવું એ શુભભાવ છે, કાંઈ શુદ્ધભાવ નથી. 'તપ'માં કોઈ એક ઉપવાસ કરે, બે કરે, તેનાથી વધારે કરે, ઉનોદરી કરે પણ એ બધો રાગભાવ છે, નિર્જરા નથી. અંદરમાં અતીન્દ્રિય આનંદમાં રમે તો તે ખરું તપ છે કે જે નિર્જરાનું કારણ છે.

મન અને પાંચ ઇન્દ્રિયનું દમન કરવું અને છ કાય જીવની દયા પાળવી તે સંયમ છે એ પણ શુભરાગરૂપ સંયમ છે. પાંચ પાપોનો ત્યાગ કરવો તે વ્રત છે. હિંસા જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહનો ત્યાગ તે વ્રત છે અને તેનો અત્યાગ તે અવ્રત છે પણ તે બંને ભાવ બંધના કારણ છે. ખરી અહિંસા તો ભગવાન આત્મામાં અરાગી શાંતિની ઉત્પત્તિ થવી તે અહિંસા છે. આવી અહિંસા પાળવી તેને ભગવાન 'દયા' કહે છે. પરની દયાના ભાવ એ તો માત્ર વિકલ્પ છે. પરને મારવાના ભાવ પાપ અને પરને બચાવવાના ભાવ પુણ્ય છે, તે બંને બંધના કારણ છે, નિર્જરાના કારણ નથી. દાન અને પૂજાના ભાવ પણ શુભભાવ છે તેનાથી પુણ્યબંધ થાય છે.

અસંયમ, વિષય, કષાય, ભોગ, હિંસાદિ, અવ્રત એ બધાં પરિણામ પાપ છે.

આમ આ બધાં પરિણામોમાં કોઈ શુભ છે તો કોઈ અશુભ છે તે બને કર્મરૂપી રોગ છે. આત્મસ્વરૂપનો વિચાર કરતાં બંનેમાંથી કોઈ ભાવ આત્માને હિતરૂપ નથી.

વીતરાગ પરમેશ્વરનો માર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. રાગથી વીતરાગ માર્ગની ઉત્પત્તિ થતી નથી. ચિદાનંદ ભગવાન પાસે કોઈ પણ રાગનો વિકલ્પ કર્મરૂપી રોગ જ છે. તે ભલે અણુવ્રતનો હો કે મહાવ્રતનો વિકલ્પ હો—રોગ છે. તેમાં આત્માની નીરોગતા નથી.

અરે! આવો મનુષ્ય અવતાર ચાલ્યો જાય છે. તેમાં આ વાત પોતે સમજે નહિ અને બખેડા ઊભા કરે તો તે સંસારમાં રખડશે.

ભગવાન વીતરાગદેવે શુભ અને અશુભ બંને પ્રકારના રાગને બંધની પરિપાટી તરીકે બતાવ્યા છે. સમ્યગ્દર્શન વગર અણુવ્રત પાળો કે મહાવ્રત પાળો તેનાથી આત્મામાં કાંઈ લાભ થાય તેમ નથી. સમ્યગ્દર્શન વિના માર્ગની શરૂઆત જ નથી કારણ કે પોતાના સ્વરૂપની દૃષ્ટિ થયા વિના માર્ગ કેવી રીતે શરૂ થાય? અહીં જ્ઞાની થયા પછી પણ વ્રતના વિકલ્પને બંધના કારણ કહ્યાં છે તો અજ્ઞાનદશામાં તો એ બંધ જ છે.

જ્ઞાની તો રાગથી વિરક્ત જ છે છતાં અસ્થિરતાવશ રાગ આવે છે તેને બંધનું કારણ જાણે છે. અબંધસ્વરૂપની દૃષ્ટિમાં પુણ્ય અને પાપ બંને ત્યાગવા જેવા છે. શુભરાગ આવે...હોય...પણ આદરણીય નથી, ત્યાજ્ય છે—હેય છે તો પછી આદરણીય શું છે! શુદ્ધોપયોગ એક જ આદરણીય છે.

भौ-जल-तरैया राग-द्वेषको हरैया महा।
मोखको करैया एक सुद्ध उपयोग है॥

એક શુદ્ધઉપયોગ જ જીવને સંસાર-સમુદ્રથી તારનાર છે, રાગદ્વેષનો નાશ કરનાર છે. શુભરાગથી શુદ્ધઉપયોગ થતો નથી, શુદ્ધોપયોગથી શુભરાગનો પણ નાશ થાય છે.

પરમપદ એવા મોક્ષપદને પણ શુદ્ધોપયોગ જ આપે છે. માટે તેને मोखको करैया કહ્યો છે. એક શુદ્ધઉપયોગ જ પરમપદ એવા મોક્ષપદને આપે છે.

[ક્રમશઃ]

વૈરાગ્યજનની : બાર ભાવના

[શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનુ પ્રવચન]

શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં આ બાર પ્રકારના તપની વાત ચાલે છે. તેમાં હવે છ ગાથાઓ દ્વારા સ્વાધ્યાયતપને કહે છે:—

परतत्तीणिरवेक्खो दुट्ठवियपाण णासणसमत्थो ।
तच्चविणिच्छयहेद् सज्जाओ झाणसिद्धियरो ॥ ४६१ ॥

અર્થ:—જે મુનિ પરનિંદામાં નિરપેક્ષ છે—વાંચ્છારહિત છે તથા મનના દુષ્ટ-ખોટા વિકલ્પોનો નાશ કરવામાં સમર્થ છે તેમને તત્વનો નિશ્ચય કરવાના કારણરૂપ તથા ધ્યાનની સિદ્ધિ કરવાવાળું સ્વાધ્યાય નામનું તપ હોય છે.

જે પરનિંદા કરવામાં પરિણામ રાખે તથા મનમાં આર્ત્તરૌદ્ર ધ્યાનરૂપ ખોટા વિકલ્પોનું ચિંતવન કર્યા કરે તેનાથી શાસ્ત્રાભ્યાસરૂપ સ્વાધ્યાય શી રીતે થાય? માટે એ સર્વને છોડીને જે સ્વાધ્યાય કરે તેને તત્વનો નિશ્ચય તથા ધર્મ-શુક્લ-ધ્યાનની સિદ્ધિ થાય એવું સ્વાધ્યાય નામનું તપ હોય છે.

સર્વજ્ઞ ભગવાને કહેલાં તત્વો પ્રમાણે જે શાસ્ત્રો રચેલાં હોય તેનો સ્વાધ્યાય કરે તે તપ છે. જેમાં જેની રુચિ હોય તે કામની કળા શીખ્યા વિના રહે નહિ. પૈસાની રુચિવાળા પૈસા કમાવાની કળા શીખે છે. જોકે પૈસા તો પુણ્યથી મળે છે પણ એવો રાગ કર્યા કરે છે. તેમ આત્માની રુચિ અને પ્રેમ છે તે આત્માના નિર્ણય માટે આત્માના લક્ષે સ્વાધ્યાય કરે છે, એકલા પરલક્ષે સ્વાધ્યાય કરે તે ખરેખર સ્વાધ્યાય જ નથી.

આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત છે, એના લક્ષે નિર્ણય કરવો જોઈએ પણ એવા નિર્ણય માટે બિલકુલ સ્વાધ્યાય, વાંચન, વિચારાદિ કરે નહિ તો તે નિર્ણય ક્યાંથી થાય? એટલે કે પ્રથમ વીતરાગે કહેલાં શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે નહિ તેને આત્માનો નિર્ણય થતો નથી પણ સાચાં શાસ્ત્રોનો એવો સ્વાધ્યાય કરવો જોઈએ કે એના વિચારો લંબાતા અંતરમાં ધ્યાન પણ થઈ જાય માટે સ્વાધ્યાયને ધ્યાનનું કારણ પણ કહેલ છે.

કોઈ કહે કે શાસ્ત્રાદિનો સ્વાધ્યાય કરતી વખતે બીજા વિચારો આવી જાય છે એનું કારણ શું? તો કહે છે કે એ વિચારો કાંઈ મફતના આવતા નથી પણ એ

પ્રકારની અંદર રુચિ પડેલી હોય છે. એ પ્રકારનો વિકલ્પ અને રાગ આત્મા પોતે કરે છે તો થાય છે. એવા વિચારો ન થવા દેવા માટે ભગવાને સ્વાધ્યાય જેવો બીજો તપ નથી એમ કહેલ છે. તે સ્વાધ્યાય માટે પ્રથમ સર્વજ્ઞ કોણ છે અને એમનાં કહેલાં શાસ્ત્રો કોણ છે તેનો પણ નિર્ણય કરવો પડશે. એવા નિર્ણયવાળાને જ સ્વાધ્યાય હોય છે.

શ્રી ગણધરદેવનાં રચેલાં શાસ્ત્રોમાં છ બાહ્ય તપ અને છ અભ્યંતર તપની વ્યાખ્યા આવે છે. તેમાં સ્વાધ્યાયને મહાન અનુષ્ઠાન કહેલ છે, એના જેવું બીજું અનુષ્ઠાન નથી. ધ્યાનનું કારણ પણ સ્વાધ્યાય છે. એ સ્વાધ્યાયથી મુનિઓને નિર્જરા થાય છે, અને મિથ્યાદૃષ્ટિને આત્માનો નિર્ણય યથાર્થ થવામાં તે સ્વાધ્યાય ઉપાયરૂપ છે. એકલા મુનિને માટે આ વાત નથી તેમ એકલા પરલક્ષે સ્વાધ્યાય કરે તેની વાત પણ નથી, ખોટા વિકલ્પોવાળાને સ્વાધ્યાય થતો નથી. સ્વાધ્યાય બરાબર કરે તો તેનું ફળ શુકલધ્યાન અને કેવળજ્ઞાન છે.

पूयादिसु णिरवेक्खो जिणसत्थं जो पढेइ भत्तीए ।
कम्ममलसोहणट्ठं सुयलाहो सुहयरो तस्स ॥ ४६२ ॥

અર્થ:—"જે મુનિ, પોતાનાં પૂજા-માહાત્મ્યાદિમાં તો નિરપેક્ષ હોય—વાંચ્છા રહિત હોય તથા ભક્તિપૂર્વક, કર્મમળ શોધન અર્થે, શાસ્ત્રાભ્યાસ કરે તેને શ્રુતનો લાભ સુખદાયક થાય છે."

મોટી સભામાં માન મળશે, બીજા કરતાં હું અધિક છું એમ લોકો મને માને એવા માન અને પૂજાના ભાવથી સ્વાધ્યાય કરે તો તેને કાંઈ લાભનું કારણ થતું નથી પણ શાસ્ત્રનું બહુમાન કરીને આત્માના લક્ષે સ્વાધ્યાય કરે તો લાભનું કારણ થાય. જગતના માન ખાતર કે શિષ્યના લોભને અર્થે શાસ્ત્રો ભણે તો તેને એકલી આકુળતા અને દુઃખ જ થાય છે.

ભાવાર્થ:—જે પોતાના પૂજા-મહિમા આદિ માટે શાસ્ત્રાભ્યાસ કરે છે તેને શાસ્ત્રાભ્યાસ સુખદાયક થતો નથી પણ જે માત્ર કર્મક્ષય અર્થે જ જિનશાસ્ત્રોનો અભ્યાસ કરે છે તેને સુખદાયક થાય છે.

જુઓ, અહીં એકલા વીતરાગ શાસ્ત્રોના અભ્યાસથી લાભદાયક એમ કહેલ છે એ સિવાય બીજાનાં શાસ્ત્રોની વાત કરેલ નથી એટલે કે વીતરાગ ધર્મના નામે શાસ્ત્રો બનાવ્યા હોય એવા શાસ્ત્રો વાંચે તોપણ લાભ થતો નથી. વળી એકલો લૌકિક અભ્યાસ કરે તે તો પાપભાવ છે, એમાં તો એકલું દુઃખ જ છે. વર્તમાન સંસારની

કળાનો ઉઘાડ દેખાય છે તે વર્તમાન પુરુષાર્થના કારણે નથી, પૂર્વનો જેટલો ઉઘાડ લઈને આવ્યો હોય એટલી લૌકિક કળા દેખાય છે. જ્યાંસુધી મોહ રાગાદિ છે ત્યાંસુધી લૌકિક ભણતરનો વિકલ્પ આવ્યા વિના રહેતો નથી પણ તે વિકલ્પના કારણે કળા ખીલતી નથી. જેમ પૈસો વર્તમાન પુરુષાર્થના કારણે મળતો નથી, પણ પૂર્વનાં પુણ્યના કારણે મળે છે તેમ વર્તમાન લૌકિક જ્ઞાન વર્તમાન પુરુષાર્થનું ફળ નથી, અશુભભાવ તે જ્ઞાનના ઉઘાડનું કારણ બને નહિ. આત્મામાં શુદ્ધિ થાય તેને શાસ્ત્ર-અભ્યાસ લાભકારી થાય છે પણ શાસ્ત્રમાં અનેક પ્રકારનાં લખાણ આવે તેનો અર્થ સમજે નહિ અને ઊંધા તર્ક કરે તો તેને શાસ્ત્ર-અભ્યાસ લાભનું કારણ થતું નથી.

जो जिणसत्थं सेवदि पंडियमाणी फलं समीहन्तो ।
साहम्मियपडिकूलो सत्थं पि विसं हवे तस्स ॥ ४६३ ॥

અર્થ:—"જે પુરુષ, જિનશાસ્ત્ર તો ભણે છે અને પોતાનાં પૂજા-લાભ-સત્કાર ઇચ્છે છે તથા જે સાધર્મી-સમ્યગ્દૃષ્ટિ-જૈનજનોથી પ્રતિકૂલ છે તે પંડિતંમન્ય છે. જે પોતે પંડિત તો નથી અને પોતાને પંડિત માને છે તેને પંડિતંમન્ય કહે છે. એવાને એ જ શાસ્ત્ર વિષરૂપ પરિણમે છે."

જે પુરુષ ભણવાથી મોટા ગણાશું અને બહારનો લાભ થશે એમ માનીને શાસ્ત્ર-અભ્યાસ કરે છે અને સાચા દેવાદિથી વિરોધરૂપ વર્તે છે અને ખોટાઓની પૂજા કરે છે તે પોતે પંડિત નથી છતાં પોતાને પંડિત માને છે. તેને શાસ્ત્ર-અભ્યાસ ઝેરરૂપ પરિણમે છે. જ્ઞાનીના પ્રત્યક્ષ સમાગમ વિના પોતાની મતિ-કલ્પનાએ શાસ્ત્ર-અભ્યાસ કરે તે પોતાને હિતરૂપ થતો નથી.

ભાવાર્થ:—"જે જિનશાસ્ત્રનો અભ્યાસ કરીને પણ તીવ્ર કષાયી તથા ભોગાભિલાષી હોય—જૈનીજનોથી પ્રતિકૂલતા રાખે એવા પંડિતંમન્યને શાસ્ત્ર જ વિષ થાય છે, તે મુનિ પણ હોય તોપણ તેને વેષધારી-પાખંડી જ કહીએ છીએ."

વીતરાગના શાસ્ત્રોનો અભ્યાસ કરે પણ તીવ્ર કષાયી હોય અથવા તો લોભી હોય તે સાચા ધર્મીથી પ્રતિકૂળ થયા વિના રહે નહિ માટે તે અભ્યાસ તેને ઝેરરૂપ થાય છે, એટલે કે તેનું જ્ઞાન, અજ્ઞાનરૂપે પરિણમી જાય છે. એવા જીવો શાસ્ત્રો વાંચીને પણ કુયુક્તિ કાઢે છે અને શબ્દોના અર્થને સમજતા નથી તે માત્ર વેશધારી પાખંડી કહેવાય છે. અપૂર્વ પુરુષાર્થવડે વીતરાગમાર્ગ સમજાય એમ છે. તેથી માત્ર આત્માના હિત માટે અભ્યાસ કરવો જોઈએ પણ જો બીજા આશયથી શાસ્ત્રો વાંચે તો તે મુનિ હોવા છતાં પાખંડી છે.

जो जुद्धकामसत्थं रायदोसेहिं परिणदो पढइ ।
लोयावंचणहेदुं सज्झाओ णिप्फलो तस्स ॥ ४६४ ॥

અર્થ:—"જે પુરુષ, યુદ્ધનાં તથા કામકથાનાં શાસ્ત્ર રાગ-દ્વેષ પરિણામપૂર્વક લોકોને ઠગવા માટે ભણે છે તેનો સ્વાધ્યાય નિષ્ફળ છે." ભગવાનના શાસ્ત્રો મૂકીને લડાઈના કે વિષય-કષાય વધે એવા શાસ્ત્રો લોકોને ઠગવા માટે ભણે તો એનાથી આત્માને કાંઈ લાભ થતો નથી, કોઈ કહે કે લોકોના ભલા માટે બીજી કળાના શાસ્ત્રો ભણે તો શું વાંધો? તો તેને કહે છે કે એ પણ રાગ-દ્વેષને પોષે છે કેમકે કોઈ પરનું ભલું-બૂરું તો કરી શકતું જ નથી. વસ્તુ છે તો એની પર્યાય એના કારણે થાય છે એમ ન માનતાં મારા કારણે થાય છે એમ માનવું એ જ મહાન પાપ છે માટે પરના ઉપકાર માટે ભણતર ભણવું સારું છે એમ જે માને છે તે મોટો મૂઢ અને પાખંડી છે. આ વાત હવે ગુપ્ત રહી નથી, ઢંઢેરો પીટીને બહાર આવી છે કે દરેક વસ્તુ સ્વતંત્ર છે તે પોતાના કારણે પરિણમી રહી છે. નિમિત્ત આવે છે માટે પરિણમે છે એમ નથી છતાં જે કોઈ પરના કારણે પર્યાય થાય છે એમ માને તે મિથ્યા અભિમાની છે.

આ વાત સાંભળીને હવે ઘણા એમ કહે છે કે આત્માના કારણે પરની અવસ્થા થતી નથી એ વાત તો બરાબર છે પણ આપણે નિમિત્ત તો થઈએ ને? તો તેને કહે છે કે નિમિત્ત તો ત્યારે કહેવાય કે જ્યારે ઉપાદાનમાં પોતાના કારણે પોતાના કાળે સ્વતંત્ર પરિણમન થઈને કાર્ય થાય છે ત્યારે પણ નિમિત્ત આવ્યું માટે કાર્ય થાય છે એમ નથી. નિમિત્ત નથી એમ નથી. લોકોને સુખી થવું હોય અને ધર્મ કરવો હોય તો આ માન્યે છૂટકો છે, દરેક પદાર્થ છે તો તેનું વર્તમાન પણ છે, એના વર્તમાનને ન માને તો વસ્તુને જ માની નહીં, આ વાત અનંત કેવળીઓ કહી ગયા છે તે છે. આવી વાત સાંભળીને ઘણા ત્યાગીઓ નકલ કરવા મંડી ગયા છે. પણ જેને હજુ સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા નથી અને ઓળખાણ પણ નથી તેને કોઈ રીતે, આ વાત બેસે એમ નથી. આત્માનું ભાન થાય ત્યારે એને ધર્મનું એવું માહાત્મ્ય આવે કે દેવ-શાસ્ત્ર-ગુરુ માટે લાખો રૂપિયા ખરચવાનો ભાવ આવ્યા વિના રહે નહિ, જિનમંદિરો માટે અને ધર્મની પ્રભાવના માટે નિરંતર પ્રયાસ કર્યા કરે છે. અત્યારે તો આ વાતને સમજનારા ઘણા નીકળ્યા છે, અને આફ્રિકા સુધી આ વાત પહોંચી છે અને ત્યાં હંમેશા સ્વાધ્યાય ચાલે છે. જેને જેની રુચિ હોય તેમાં તે નિરંતર વખત ગાળે છે.

ભાવાર્થ:—"જે પુરુષ યુદ્ધના-કામ-કુતૂહલનાં-મંત્ર-જ્યોતિષ-વૈદક આદિનાં

લૌકિક શાસ્ત્રો લોકોને ઠગવા અર્થે ભણે છે તેને સ્વાધ્યાય શાનો? અહીં કોઈ પ્રશ્ન કરે કે—મુનિ અને પંડિત પુરુષો તો બધાંય શાસ્ત્રો ભણે છે! જો એમ છે તો તે શા માટે ભણે છે? તેનું સમાધાન—અહીં, રાગ-દ્વેષથી પોતાના વિષય—આજીવિકાદિક પોષવા માટે લોકોને ઠગવા માટે જે ભણે છે તેનો નિષેધ છે પણ જે ધર્માર્થી થયો થકો કાંઈક (પારમાર્થિક) પ્રયોજન જાણી એ શાસ્ત્રો ભણે, જ્ઞાન વધારવા માટે, પરોપકાર કરવા માટે, પુણ્ય-પાપનો વિશેષ નિર્ણય કરવા માટે, સ્વ-પર મતની ચર્ચા જાણવા માટે, અને પંડિત હોય તો ધર્મની પ્રભાવના થાય તેથી અર્થાત્ 'જૈનમતમાં આવા પંડિત છે' ઇત્યાદિ પ્રયોજન માટે, આવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ નથી પરંતુ માત્ર દુષ્ટ અભિપ્રાયથી ભણે તેનો નિષેધ છે."

રાગ-દ્વેષ અને વિષય કે આજીવિકા અર્થે શાસ્ત્રો ભણે તો તેનો અહીં નિષેધ કર્યો છે, પણ નિઃસ્પૃહ રીતે શાસ્ત્રો ભણે કે બનાવે એનો નિષેધ નથી. જંગલમાં વિચરતાં સંત મુનિઓને ધર્મની પ્રભાવના અર્થે વૈદકાદિ શાસ્ત્રો બનાવવાનો કોઈ વખતે વિકલ્પ આવ્યો અને શાસ્ત્રો રચાઈ ગયાં, મુનિ તો નિઃસ્પૃહ હોય છે પણ કોઈ વખતે અન્યમતોમાં વૈદ્યનું જોર હોય તો જૈનમાં પણ વૈદકનું જ્ઞાન છે એમ બતાવવા દવા કેમ બને? અને કયા રોગમાં કઈ દવા લાગુ પડે? એના શાસ્ત્રો રચે પણ એમાં માત્ર જૈનધર્મની પ્રભાવનાનો હેતુ હોય છે. વિષય કષાયનો કે માન પૂજાનો ભાવ મુનિને હોતો નથી માટે એનો નિષેધ હોતો નથી. [ક્રમશઃ]

卐 વિકલ્પથી પણ જ્ઞાયક જુદો છે 卐

ખરો જિજ્ઞાસુ અને ખરો આત્માર્થી હોય તેને સાચું ન આવે ત્યાં સુધી સંતોષ થાય જ નહિ. તેનો આત્મા જ કહી દે કે આ કાંઈ અંદરથી શાંતિ આવતી નથી, માટે આ યથાર્થ હોય તેને અંદરથી જ શાંતિ આવે. ઉતાવળ કરવાથી ખોટું ગ્રહણ થઈ જાય છે, ક્યાંક ને ક્યાંક પ્રશસ્ત રાગમાં રોકાઈ જાય છે. સૂક્ષ્મ રાગ પકડાતો નથી, અને અંદર શુભ રાગને છૂટો પાડી શકતો નથી કે સૂક્ષ્મ થઈને જ્ઞાનને ગ્રહણ કરી શકતો નથી. વારંવાર ભાવનાના વિકલ્પ આવે તેનાથી પણ જ્ઞાયક જુદો છે, તેમ અંદરથી યથાર્થ ગ્રહણ થવું જોઈએ.

—પૂજ્ય બહેનશ્રી

રાગના કર્તાપણાનું વ્યસન થઈ ગયું છે ત્યાં જ્ઞાતાપણું કેમ ભાસે ?

[શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૭૬)

આજે કુંદકુંદાચાર્યના આચાર્યપદ-આરોહણનો દિવસ છે. માગશર વદ આઠમના દિવસે આચાર્યપદ પ્રાપ્ત થયું હતું. તે વખતે કુંદકુંદાચાર્ય મહારાજ જૈનશાસનના મોટા સૂર્ય હતા. આચાર્યપદની પોતાની લાયકાત હતી. તે કાંઈ કોઈના દેવાથી મળતું નથી.

સવારમાં કુંદકુંદાચાર્યનો એક શબ્દ ' સव्व सिद्धे ' યાદ આવ્યો હતો. આચાર્ય કહે છે કે હું સર્વ સિદ્ધને મારા જ્ઞાનમાં સ્થાપું છું અને શ્રોતાઓની પર્યાયમાં પણ અનંત સિદ્ધને સ્થાપું છું. આમ કહીને એ સિદ્ધ કરવું છે કે જેણે જ્ઞાનની પર્યાયમાં ' સર્વજ્ઞપદ ' ને સ્થાપ્યું તે તો જાણનાર—દેખનાર જ રહેશે. જેના જ્ઞાનમાં સર્વજ્ઞ બેઠા તેને પરના કામ કે રાગના કામ સોંપાય નહિ. એક સર્વજ્ઞને સ્વીકારે તેમાં અનંત સર્વજ્ઞનો સ્વીકાર આવી જાય છે કેમકે એક સર્વજ્ઞ પર્યાયમાં અનંત સર્વજ્ઞ જણાય છે. એક સમયમાં અનંત સિદ્ધો અને લોકાલોકને જાણે છે એવી એક સર્વજ્ઞપર્યાયને જેણે પોતાના જ્ઞાનની વર્તમાન પ્રગટ અલ્પજ્ઞપર્યાયમાં સ્થાપી, તેનું લક્ષ જ્ઞાયક ઉપર જ જાય છે અને તે જ્ઞાતા-દ્રષ્ટા થઈ જાય છે. માટે આચાર્યદેવ કહે છે કે તું જ્ઞાતા-દ્રષ્ટા થા તે માટે અમે તને સમયસાર કહેશું, સમયસારમાં અમે જ્ઞાયકભાવપણું—જ્ઞાતા-દ્રષ્ટાપણું જ સમજાવશું.

જે જીવ સ્વના લક્ષે જાણનાર થયો તે પરને પણ જાણવાનું જ કામ કરે છે. એ જાણવાના કાર્યમાં પાંચેય સમવાય સાથે આવી જાય છે. ૧. સ્વભાવ, ૨. પુરુષાર્થ, ૩. ભવિતવ્ય, ૪. નિયતકાળ, ૫. નિમિત્ત. એ પાંચેય ભાવને પુરુષાર્થીના કાર્યમાં ભગવાને એક સાથે જોયા છે. સર્વજ્ઞની પર્યાય જેના જ્ઞાનમાં બેઠી છે તેને એક જ સમયમાં ' જ્ઞાનસ્વભાવ ' છે, જ્ઞાતાપણાનો પુરુષાર્થ થઈ રહ્યો છે, તે જ કાળે એવી યોગ્યતાવાળો દર્શનમોહ અને ચારિત્રમોહના ઉદયનો અભાવ છે, અને તે જ કાળે પ્રગટ થનારી પર્યાય પ્રગટે છે અને એ જ પ્રકારનો ભાવ છે.

આથી સવારે વિચારમાં એમ લાગ્યું કે અનિયત માનનારા સર્વજ્ઞને માનતાં જ

નથી, અલ્પજ્ઞ જ માને છે. જીવનો સર્વજ્ઞસ્વભાવ અને તે પ્રકારની સર્વજ્ઞદશાને તે માનતા નથી.

ઘણાં વર્ષ પહેલાં ૭૬ની સાલમાં એક વાત થઈ હતી કે જેમ, જંબૂદ્વીપમાં એક જંબુ નામનું વૃક્ષ શાશ્વત છે તેના ઉપરથી આ જંબૂદ્વીપ કહેવાય છે. તે વૃક્ષમાં આણાઢિયસ નામના દેવ વસે છે તેમ બહુશ્રુત એટલે જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞ વસે છે. તે દિવસે તો એમ કહ્યું હતું કે 'જ્ઞાનીના જ્ઞાનમાં તીર્થંકર વસે છે.' એવો આ કોઈ અલૌકિક માર્ગ છે. આચાર્યદેવ કહે છે કે સાંભળનાર અને કહેનારના જ્ઞાનમાં અમે સર્વજ્ઞને સ્થાપીએ છીએ. અમારા જ્ઞાનમાં સર્વજ્ઞને સ્થાપીએ છીએ. અમારા જ્ઞાનમાં સર્વજ્ઞ બિરાજે છે તેથી સર્વજ્ઞના જ્ઞાન અને આજ્ઞા અનુસાર જ બધી વાત નીકળશે. સર્વજ્ઞે જેવી જાણી, માની અને અનુભવી છે એવી જ વાણી નીકળશે. કેમકે અમારા જ્ઞાનમાં સર્વજ્ઞ બેઠા છે.

કુંદકુંદાચાર્ય મહારાજ તો ગજબ વાત કરે છે કે અરે આત્મા! અનંત સર્વજ્ઞને અમે પર્યાયમાં સ્થાપ્યા છે, હવે રાગનો કે નિમિત્તનો આદર ન હોઈ શકે. રાગ થાય તેનું જ્ઞાન હોય પણ આદર ન હોય. અહા! જુઓ તો ખરા! ચારે બાજુથી એક જ વાત સિદ્ધ થઈ જાય છે. રાગ જાણેલો પ્રયોજનવાન છે પણ આદર ન હોય.

અમે તો સર્વજ્ઞને અમારી દશામાં સ્થાપ્યા છે. સર્વજ્ઞ જેમ કોઈ પરદ્રવ્યને કે વિકલ્પને કરતાં નથી તેમ અમે પણ પરના કે વિકલ્પના કર્તા નથી. તો તમે કર્તા નથી તો શું છો?—અમે તેના જ્ઞાતા છીએ હો! અમારા જ્ઞાનમાં સર્વજ્ઞ સ્થપાયેલા છે તેથી રાગનું કર્તૃત્વ, સંયોગનું મેળવવું, સંયોગનું દૂર કરવું એ કોઈ કાર્ય અમારામાં નથી. સર્વજ્ઞના જ્ઞાનમાં બધું વ્યવસ્થિત છે. કાંઈ કરવા—ફેરવવાનું તેમાં નથી.

કુંદકુંદાચાર્યે સમયસારના માંગલિકમાં જ સર્વજ્ઞને સ્થાપીને ગજબ કામ કર્યું છે. આ કાળે કુંદકુંદાચાર્યે તીર્થંકરતુલ્ય કામ કર્યાં છે. શુદ્ધાત્માની પૂર્ણ શુદ્ધદશા તે સાધ્ય છે. પૂર્ણ સર્વજ્ઞપણું સાધ્ય કરવું છે. અલ્પજ્ઞતામાં કે રાગમાં રહેવું નથી.

આચાર્યદેવ શ્રોતાને કહે છે કે તમારામાં પણ અમે સિદ્ધને સ્થાપ્યા છે માટે તમારે પણ રાગના કર્તા નહિ થવાય. સર્વજ્ઞ જેમ રાગને જાણે છે તેમ તમારે પણ જાણનાર રહેવું પડશે. એક વિકલ્પમાત્રના પણ કર્તા તમે નહિ થાઓ ત્યારે તમે સર્વજ્ઞને હૃદયમાં સ્થાપ્યા કહેવાશે.

જેણે જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપ્યા તેને અનિયત એવું કાંઈ છે જ નહિ. જેમ થાય છે—તેમ થાય છે, રાગ પણ થાય છે, કર્મ પણ થાય છે. નિમિત્ત પણ હોય

છે. એ બધી વ્યવસ્થા જેમ થાય તેમ તેનો જાણનાર રહેજે કારણ કે આખો આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એ અમારે સિદ્ધ કરવું છે. ગુરુ શિષ્યને કહે છે કે જ્ઞાયકપણું સિદ્ધ થતાં પર્યાયમાં જ્ઞાતા-દ્રષ્ટાપણું જ આવે છે, બીજું કાંઈ આવતું નથી.

ભગવાને જેમ કેવળજ્ઞાનમાં બીજા જીવના સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ કાળમાં પાંચેય સમવાય એક સાથે જોયા છે તેમ જ્ઞાની પણ સ્વભાવ, પુરુષાર્થ, ભવિતવ્ય, કાળલબ્ધિ અને નિમિત્ત આ પાંચેય સમવાયને સાથે જુએ ત્યારે તેણે પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞને સ્થાપ્યા કહેવાય. જેમ સર્વજ્ઞને કોઈમાં કાંઈ ફેરફાર કરવો નથી તેમ જેણે સર્વજ્ઞને પોતાના જ્ઞાનમાં સ્થાપ્યાં તે પણ જ્ઞાતા થઈ ગયો તેને પણ કાંઈ ફેરફાર કરવાનો ભાવ નથી. જે થાય તેને જાણે છે તેમાં પાંચેય સમવાય પણ આવી જાય છે.

કુંદકુંદાચાર્યે આચાર્યપદ-આરોહણ કરીને દુનિયાને સર્વજ્ઞની આ વાત કહી છે. સર્વજ્ઞને જે કહેવું હતું તે જ સંતોએ પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞને સ્થાપીને પાત્ર જીવોને સર્વજ્ઞની વાત કહી છે.

આત્મા 'જ્ઞ' સ્વભાવી છે એટલે 'સર્વજ્ઞ' સ્વભાવી છે. માટે જેણે પોતાની પર્યાયમાં સર્વજ્ઞને સ્થાપ્યા...તે સર્વજ્ઞ થવાના છે એ સિદ્ધ થઈ ગયું. તેને હવે કરવાનું કાંઈ રહેતું નથી. સર્વજ્ઞનું અને સર્વજ્ઞસ્વભાવનું વારંવાર લક્ષ રહ્યા જ કરશે તેથી 'જ્ઞ' સ્વભાવની વૃદ્ધિ અને રાગનું ઘટવું થઈને તેને સર્વજ્ઞ અને વીતરાગદશા પ્રગટ થઈ જશે.

નિશ્ચયથી જેણે પોતાની પર્યાયમાં સર્વજ્ઞને પધરાવ્યા તેને પર્યાયમાં વિકલ્પ પણ છે અને વાણીનો યોગ પણ છે પણ તે હોવા છતાં સાધકજીવ તેનો કર્તા નથી. સર્વજ્ઞ અવાતા જાણનાર જ છે તેમ સાધક કહે છે અમે પણ અમારી પ્રગટેલી શક્તિ પ્રમાણે જાણનાર જ છીએ, કરનાર નથી. અમને અલ્પજ્ઞપણાનો, રાગનો કે નિમિત્તનો આદર નથી, માત્ર તેનું જ્ઞાન થાય છે પણ આદર આવતો નથી.

તેથી અહીં આચાર્યદેવ કહે છે કે એક મ્યાનમાં બે તલવાર ન સમાય. જ્યાં રાગની રુચિ અને રાગનું કામ પડ્યું છે ત્યાં જ્ઞાતાપણું ન વસે અને જ્યાં સર્વજ્ઞ સમાન જ્ઞાતાપણું વસે છે ત્યાં રાગાદિનું કર્તાપણું રહી શકતું નથી.

હવે જુઓ ૧૨૧ ગાથાનો ભાવાર્થ:—વીતરાગનિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન થયેલો અનાકુળતારૂપ પરમ આનંદ અતીન્દ્રિય સુખરૂપ અમૃત છે...અહીં ત્રિકાળી સ્વભાવની વાત નથી પણ ઉત્પન્ન થયેલાં આનંદની વાત છે. સ્વભાવ તો દરેક આત્માનો અતીન્દ્રિય વીતરાગ નિર્વિકલ્પ આનંદની મૂર્તિરૂપ જ છે પણ જેણે તે

સ્વભાવનો આદર કરીને સર્વજ્ઞને પોતાના આંગણે પધરાવ્યા તે આંગણા કેવા ઉજળાં હોય! સર્વજ્ઞ અને સર્વજ્ઞસ્વભાવને દૃષ્ટિ, જ્ઞાન અને અનુભૂતિમાં લે તેની પર્યાયમાં અતીન્દ્રિય અમૃત-આનંદના પ્યાલા પીવાતાં હોય પણ જે આવા સ્વભાવને દૃષ્ટિમાં ન લે, વીતરાગ સર્વજ્ઞસ્વરૂપ છું એમ ન માને અને રાગમય છું, રાગનો કરનારો છું એમ રાગના પ્રેમમાં પડ્યો છે તે પોતાના વીતરાગસ્વભાવનો વેરી છે.

ભગવાન સર્વજ્ઞને જેવો અનાકુળ આનંદ અને સર્વજ્ઞદશા પ્રગટેલી છે એવો જ આત્મા અનાકુળ આનંદ અને સર્વજ્ઞસ્વભાવી છે તેને જેણે જ્ઞાનમાં વસાવ્યો તેને તો અતીન્દ્રિય અનાકુળ આનંદનું વેદન છે અને તે સ્વભાવને જ્ઞાનમાં નહિ વસાવતાં, રાગને જ્ઞાનમાં વસાવ્યો કે જે વસ્તુમાં નથી, તેને પર્યાયમાં આકુળતા અને દુઃખનું વેદન થાય છે. તેની દૃષ્ટિમાંથી સર્વજ્ઞસ્વભાવ ખસી ગયો છે.

અરે! જેણે જ્ઞાનમાં વીતરાગસ્વભાવથી વિરુદ્ધ એવા રાગને વસાવ્યો છે— વિકારને રોપ્યો છે તેની પર્યાયમાં અવિકારી પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય! એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. જ્ઞાયકમૂર્તિ ભગવાનને જોવાની દૃષ્ટિ છોડીને સ્ત્રીને જોવામાં રોકાઈ ગયો. આ એકત્વ સહિતના રાગની વાત છે. સમ્યગ્દૃષ્ટિને રાગ તો છે પણ એકત્વ નથી તેથી, ત્યાં રોકાયો નથી, એ તો રાગને જાણનારની ભૂમિકામાં બેઠે છે, રાગમાં બેઠો નથી.

જેના ચિત્તમાં સ્ત્રીના રૂપને જોવાની અભિલાષા આદિથી ઉત્પન્ન હાવ-ભાવ અર્થાત્ ચિત્તમાં વિકાર કે સ્ત્રીને મારાં પ્રત્યે પ્રેમ વર્તે છે એમ કરીને રાગ કરે છે પણ ભગવાન આત્મામાં મારો આનંદ વર્તે છે તેની ખબર નથી. સ્ત્રીનું મુખ જ એના જ્ઞાનમાં વસે છે, અનાકુળ આનંદને તો જ્ઞાનમાંથી એણે ખસેડી દીધો છે. પ્રેમાળ આંખની કટાક્ષતા જોવા રાગથી રોકાઈ ગયો છે. સમ્યગ્દર્શનનો જે વિષય છે એવા આનંદમૂર્તિસ્વભાવને જોવાને બદલે સ્ત્રીને જોવામાં રોકાઈ ગયો છે. પોતાના સ્વભાવમાંથી તો પોતાની જાતની અવિકારી પર્યાય ઉત્પન્ન થવી જોઈએ તેને બદલે રાગમાં રોકાયો તેથી વિકારી પર્યાય જ ઉત્પન્ન થાય છે કે જે પોતાની જાતની નથી. વિકલ્પજાળોથી મૂર્છિત અને વાસિત એટલે પાંચઇન્દ્રિયના ભોગોની વિકલ્પજાળમાં જ વાસિત થઈ ગયો છે અને અતીન્દ્રિય આનંદમૂર્તિ ભગવાનને દૃષ્ટિમાંથી દૂર કરી દીધો છે, રાગમાં જ રંજિત થઈ ગયો છે, વિકલ્પમાં પરિણત ચિત્ત થઈ ગયું છે તે ચિત્તમાં ભગવાન આત્મા કેમ વસે! મલિનતામાં રોકાયેલા ચિત્તમાં બ્રહ્માનંદપ્રભુ આત્મા કેમ વસે!

અહો! જેણે પર્યાયમાં સર્વજ્ઞને અને સર્વજ્ઞસ્વભાવને સ્થાપ્યો તેમાં રાગની એકતા કેમ આવે! અને રાગની વાસનામાં મૂર્છાઈ ગયેલી પર્યાયમાં ચૈતન્યમૂર્તિ આત્મા કેમ આવે! એક મ્યાનમાં બે તલવાર સાથે ન રહે તેમ રાગ અને જ્ઞાન બંને એક પર્યાયમાં સાથે વસે નહિ. સર્વજ્ઞસ્વભાવને પર્યાયમાં ન વસાવ્યો અને રાગની એકતા કરીને રાગને વસાવ્યો ત્યાં સર્વજ્ઞસ્વભાવી ભગવાન તેની પ્રતીતિમાં કેમ આવે! અને જો સર્વજ્ઞસ્વભાવી ભગવાનને પર્યાયમાં વસાવીશ તો ત્યાં રાગની એકતાનું વસવું નહિ રહે, રાગ ભિન્ન રહેશે. અને જો રાગને વસાવીશ તો ભગવાન ભિન્ન રહેશે. એક પરિણતિમાં બન્ને નહિ સમાય.

રાગને કરવા અને ભોગવવાની મીઠાશમાં પડયો છે તેની પર્યાયમાં ચૈતન્ય ભગવાન આવીને કેમ વસે! (ન જ વસે). રાગના કર્તાપણાનું વ્યસન થઈ ગયું છે, તેમાં મીઠાશ વેદાય છે ત્યાં જ્ઞાતાપણું તેને કેમ ભાસે! વિકલ્પની વાસનાનો પ્રેમ અને ચૈતન્યનો પ્રેમ એ બંને સાથે ન હોય શકે.

જે જ્ઞાનઘરમાં જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ વસશે ત્યાં રાગ વસવા નહિ આવી શકે. રાગ તો પર ઘરમાં રહેશે. એક જ ચિત્તમાં બ્રહ્મ-વિદ્યા અને વિષય-વિનોદ એ બન્ને સમાતા જ નથી. બ્રહ્મ-વિદ્યા વસે ત્યાં વિષય-વિનોદ કેમ આવે! અને વિષય-વિનોદ હોય ત્યાં બ્રહ્મ-વિદ્યા કેમ વસે! આ કાંઈ બાહ્ય-ત્યાગીની વાત નથી. અંદરમાં આત્મા વિષય-વિનોદાદિ રાગનો ત્યાગી જ છે તેવા સ્વભાવનો આશ્રય લેનારા જ્ઞાની પણ ત્યાગી જ છે. જેના શ્રદ્ધા-જ્ઞાનમાં જાણનાર જ્ઞાયક જાગ્યો ત્યાં રાગનો ત્યાગ જ છે. સમ્યગ્જ્ઞાનમાં રાગાદિ વિકાર વસતાં જ નથી.

ભગવાન આત્મા મહાન...મહાન...મહાન સ્વભાવવાળી વસ્તુ છે એ મહાન સ્વભાવ જેની દ્રષ્ટિમાં આવ્યો તેની દ્રષ્ટિમાં રાગ અને પરદ્રવ્ય બિલકુલ વસતાં જ નથી. એનામાં રાગ છે જ નહિ. અજ્ઞાનીને બહુ મોટી વાત લાગે પણ પ્રભુ! તું નાનો નથી. તું તો એવો મોટો છો કે તારી કથની સર્વજ્ઞના કથનમાં પણ પૂરી આવી શકતી નથી. અનુભવમાં જે આવે છે તે વાતોથી પૂરું પડે તેમ નથી. એવડો મોટો તું છો.

પુણ્ય-પાપ અધિકારમાં (૧૬૦ ગાથામાં) કાંઈ વાત કરી છે! વિકલ્પની એકતા કરે છે ત્યાં પર્યાયમાં સર્વદર્શિ અને સર્વજ્ઞસ્વભાવ રોકાઈ જાય છે. રાગની પ્રતીતમાં સર્વદર્શિ-સર્વજ્ઞસ્વભાવી ભગવાનની પ્રતીત આવતી નથી. રાગની રુચિમાંથી ઝુંલાટ મારીને સર્વદર્શિ-સર્વજ્ઞસ્વભાવની પ્રતીતિ કરે તે પુરુષાર્થ છે. એ વીર્યનું કામ છે. ઊંધા વીર્યમાં સર્વજ્ઞસ્વભાવ ઢંકાઈ જાય છે. પુણ્યનો વિકલ્પ મારો છે અને મારું કર્તવ્ય છે એમ માને છે ત્યાં સ્વભાવ ઢંકાઈ ગયો છે. હવે તેને

શુભપરિણામથી આત્માને ખોલવો છે એ કેમ ખૂલે! શુભપરિણામથી આત્માનો સ્વભાવ પ્રગટે એમ માનનારો ભીંત ભૂલ્યો છે. મોટા મેરુપર્વતને ઉપાડીને ભૂકો કરી નાંખ્યો એના જેવી એ ભૂલ છે.

સવારે તો મગજમાં એ વાત આવી હતી કે અનિયત માનનાર અલ્પજ્ઞપણાને જ સ્થાપે છે, વસ્તુની પર્યાય અલ્પજ્ઞ જ હોઈ શકે અને તેની શક્તિ પણ અલ્પ જ હોઈ શકે એમ તેમાંથી સિદ્ધ થાય છે. શક્તિએ આત્મા સર્વજ્ઞ છે અને પર્યાયમાં સર્વજ્ઞ થઈ શકે છે એ વાત જ તેની શ્રદ્ધામાં ન રહી. એ ભલે બીજી રીતે માનતો હોય પણ તેની માન્યતામાંથી સિદ્ધ તો આ જ થાય છે કે વસ્તુ બધી રીતે અલ્પજ્ઞ છે.

અહીં તો પ્રથમથી જ પ્રતીતમાં સર્વજ્ઞસ્વભાવનો અને સર્વજ્ઞપર્યાયનો વિશ્વાસ આવી જાય છે. આચાર્યમહારાજ કહે છે એ પ્રતીતમાં પણ તેને વિકલ્પનું કર્તૃત્વ ન હોય. તેથી પુણ્ય-પાપ અધિકારમાં આ શ્લોક મૂકયો છે કે સર્વદર્શિ-સર્વજ્ઞ સ્વભાવની શ્રદ્ધા અને પુણ્ય-પાપનું કર્તૃત્વ એ બંને એક સમયની પર્યાયમાં સાથે ન રહી શકે.

ભાઈ! આ તો શાંતિથી અને ધીરજથી સમજવાની વાત છે. આ કાંઈ વાદ-વિવાદની વાત નથી. આ તો ઘરની વાતો ઘરથી સમજાય, વાદ-વિવાદથી ન સમજાય.

આહાહા! सत्यवाणी सत्यदर्शि... આ શબ્દ જ્યાં સામે આવે છે ત્યાં એ તત્ત્વ કેવડું મોટું છે એ જ્ઞાનમાં તરવરી જાય છે. આત્મા એકલો જ્ઞાન અને દર્શનનો પિંડ જ છે. એ જો વિકલ્પના કર્તૃત્વમાં રોકાય તો તેને સર્વજ્ઞ-સર્વદર્શિ સ્વભાવની પ્રતીતિ રહેતી નથી. પુણ્ય-પાપના વિકલ્પના લાભમાં રોકાય તેને જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ પ્રતીતમાં આવતો જ નથી. અને જો તેને સર્વદર્શિ-સર્વજ્ઞસ્વભાવી ભગવાન આત્માનો ભરોસો આવ્યો, તો ત્યાં રાગનું કે પુણ્યનું કર્તૃત્વ ઊભુ નહિ રહી શકે. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેમ જ્ઞાતાપણું અને રાગનું કર્તાપણું સાથે રહી શકતું નથી.

અહો! એ આચાર્યપદનો કાળ, એ પ્રસંગે કલ્યાણકાળ કહેવાય. આખા 'ભરતક્ષેત્રમાં ધુરંધર આચાર્ય છે' એવા શબ્દો વિદેહક્ષેત્રમાં સીમંધરભગવાનના મુખેથી નીકળ્યા એ કાંઈ સામાન્ય વાત છે! કેવળીના મુખેથી જેના માટે વાણી આવે તેને બીજું શું જોઈએ! ચક્રવર્તી ભગવાનને પૂછે છે-પ્રભુ! આ કોણ છે? ત્યારે ત્રિલોકીનાથ સીમંધરભગવાનની વાણીમાં આવ્યું કે આ ભરતક્ષેત્રના પ્રવર (પ્રધાન) આચાર્ય છે. આહાહા...!

એવા એ આચાર્યદેવ કહે છે કે પુણ્યના પરિણામનું કામ સર્વજ્ઞપર્યાયને ન

સોંપાય. ચક્રવર્તીને ઝાડું કાઢવાનું કામ ન સોંપાય. જેમ કોઈ માણસ ઉપર ચક્રવર્તી ખુશ થઈને કહે કે, માગ! માગ! ત્યારે પહેલાએ એમ ન કહેવાય કે મારાં ઘરમાં બાર મહિનાથી કચરો ભર્યો છે તો સાહેબ! વાસીદું કાઢી નાખો. જેના ઘરે દાસના દાસને દાસ હોય એને એવા કામ સોંપાય! અરે! એની તો દાસી એવી હોય કે, હાથેથી હીરાનું ચૂર્ણ કરીને ચક્રવર્તીને ચાંદલો કરે, તેને વાસીદાના કામ ન સોંપાય. એમ સર્વજ્ઞ અને સર્વદર્શિ પ્રભુ ભગવાન આત્માના ભાનવાળા જીવને રાગ કરવાનું કામ ન સોંપાય. તેને રાગ આવે છે પણ કર્તા થતાં નથી. માત્ર જાણે છે. વ્યવહારને જાણે છે પણ નિશ્ચયમાં વ્યવહારને એકમેક કરી દેતાં નથી.

ચૈતન્યપ્રભુ તરફ જેના વલણ થયા તેને હવે રાગ તરફ વલણ ન હોય. એ વ્યવહારને કરે નહિ. નિશ્ચયજ્ઞાન છે તે વ્યવહારને કરે નહિ અને વ્યવહારને કરે તે જ્ઞાન નિશ્ચય રહે નહિ. કારણ કે એક મ્યાનમાં બે તલવાર રહે નહિ. તેમ જ્ઞાતાપણું અને રાગનું કર્તાપણું એ બંને પરસ્પર વિરુદ્ધ હોવાથી સાથે રહે નહિ. એ વાત જ આ ગાથામાં સિદ્ધ કરવી છે. તર્કથી નક્કી કરો તોપણ એ જ વાત સિદ્ધ થાય છે. નિશ્ચય અને વ્યવહાર બે છે કે એક?—બે છે તો બે ને બેપણે રાખો તે જ યથાર્થ છે. બંનેને એક કરી નાંખો તો બે ક્યાં રહ્યા? નિશ્ચયમાં વ્યવહાર વસી જ ન શકે.

ગાથામાં ભાવાર્થમાં કહે છે કે ચિત્તમાં બ્રહ્મ-વિદ્યા એટલે કે આનંદમૂર્તિ આત્માનું ભાન અને વિષય-વિનોદ એટલે રાગની એકત્વબુદ્ધિ—રાગનો પ્રેમ એ બંને સાથે ન રહી શકે. જ્યાં જ્ઞાનમૂર્તિ સર્વજ્ઞસ્વભાવીને શ્રદ્ધામાં વસાવ્યો અને જ્ઞાનમાં સર્વજ્ઞને વસાવ્યા ત્યાં વિકારનો પ્રવેશ ન હોઈ શકે અને વિષય-વિકારની વાસના જ્યાં વસે છે ત્યાં ભગવાન આત્માનું જ્ઞાન ન હોઈ શકે. જ્યાં રાગની વાસનામાં રંગાયેલું ચિત્ત છે, તે ભલે પુણ્યની વાસના હોય પણ તેના રંગે રંગાયેલા ચિત્તમાં બ્રહ્મસ્વરૂપ આત્માનું જ્ઞાન થઈ શકતું નથી અને વસી શકતું નથી. કારણ કે બ્રહ્મ-વિદ્યા અને વાસનાને પરસ્પર વિરોધ છે.

[ક્રમશઃ]

વૈરાગ્ય સમાચાર :—

* અમદાવાદનિવાસી શ્રી રસિકલાલ હિંમતલાલ શાહ (ઘડિયાળી નિતિન વોચ કું. વાળા) (વર્ષ-૬૧) અષાઢ સુદ-૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરાવતીનિવાસી શ્રી મહેન્દ્રકુમાર ચત્રભુજ કોઠારી (વર્ષ-૪૭) તા. ૧૫-૭-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી (હાલ-મુંબઈ) શ્રી મોહનલાલ કેશવજી ભાયાણીના ધર્મપત્ની શ્રી જેકુંવરબેન (વર્ષ-૮૫) તા. ૧૫-૭-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી નરસિંહભાઈ ધનાભાઈ તા. ૨૫-૭-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી સ્વ. મરઘાબેન ધીરજલાલ શાહના પુત્રવધૂ પુષ્પાબેન મનહરલાલ શાહ તા. ૨૬-૭-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી પ્રવીણચંદ્ર જયંતિલાલ ભણશાળી (વર્ષ-૬૬) તા. ૨૮-૭-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સોનગઢમાં શ્રી મહાવીર દિ. જૈન પરમાગમ-મંદિરના પંચકલ્યાણક પ્રસંગે તેઓ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિરના મેનેજર તરીકે જવાબદારી સંભાળતા હતા. તેઓએ ઘણા વર્ષો સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો. જામનગર મંડળના પણ તેઓ ભૂતપૂર્વ ટ્રસ્ટી હતા.

* વિંછીયાનિવાસી હાલ રાજકોટ શ્રી રતીલાલ પ્રેમચંદ શાહ (સ્વ. શ્રી પ્રેમચંદ લક્ષ્મીચંદ શાહના પુત્ર) (વર્ષ-૮૨) તા. ૨-૮-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જૂના અનુયાયી હતા.

* રાજકોટનિવાસી શ્રી ઈલાબેન પ્રતાપભાઈ મણિયાર (વર્ષ-૫૨) (સ્વ. શાંતાબેન ગુલાબચંદભાઈ ટોણીયાના પુત્રી) તા. ૯-૮-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી (હાલ-કલકત્તા) શ્રી ચંપાબેન મનસુખલાલ ભાયાણી તા. ૧૪-૮-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ધ્રાંગધ્રાનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી રસિકલાલ ભાઈલાલ વોરા (વર્ષ-૯૭) તા. ૧૯-૮-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી (હાલ-સોનગઢ) શ્રી દામોદરભાઈ હંસરાજ મોદી (વર્ષ-૭૩) તા. ૨૨-૮-૯૭ના રોજ હાર્ટફેઈલ થવાથી સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૧૮ વર્ષથી સોનગઢ સ્થાયી થઈને દરેક ધાર્મિક કાર્યક્રમમાં અત્યંત હોંશથી ઘણો લાભ લીધો હતો. અધ્યાત્મતત્ત્વની સારી જિજ્ઞાસાના ફળસ્વરૂપે અંતિમ સમય સુધી જ્ઞાયકનું સ્મરણ-રટણ કરતા રહ્યા હતા.

* ઉમરાળાનિવાસી (હાલ-માટુંગા) શ્રી જયસુખલાલ રતીલાલ મહેતા (વર્ષ-૬૪) તા. ૨૭-૮-૯૭ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દાદર મુમુક્ષુમંડળના ટ્રસ્ટી હતા. તેમ જ સેવાભાવી હતા.

* વિંછીયાનિવાસી (હાલ-મલાડ) સ્વ. હિંમતલાલ કેશવલાલ ડગલના ધર્મપત્ની મરઘાબેન (વર્ષ-૯૫) (—તે શ્રી નગીનદાસ, સ્વ. ચંદુલાલ, ભોગીલાલ તથા પ્રવિણચંદ્રના માતુશ્રી) તા. ૧૧-૯-૯૭ના રોજ જ્ઞાયકના રટણપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

* પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* શ્રોતાઃ—એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય એ ઉપર આપ બહુ ભાર આપો છો તો એ સમ્યગ્દર્શનનું કારણ છે?

પૂજ્ય ગુરુદેવઃ—હા, એ તો મૂળ ચીજ છે. આ બે વાતનો નિર્ણય થતાં દૃષ્ટિ દ્રવ્ય તરફ વળે છે. ૬૫.

* હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડયો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડયો છે તે દૂર કેમ રહી શકે! એમ દિગમ્બર સંતોની વાણી મારફાડ કરતી–ઝબકારા કરતી આવે છે કે તારી સમીપ પૂર્ણાનંદ પ્રભુ પડયો છે તેને તું આજે જ દેખ! આજે જ સ્વીકાર કર ને હા પાડ! હા પાડતાં હાલત થઈ જાય તેવો તું પૂર્ણાનંદનો નાથ છો. ૬૬.

* ચૈતન્યમૂર્તિ આત્મા પરમાનંદસ્વરૂપ છે, તેના ધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. આહાહા! આકરી વાત છે ભાઈ! અશુભ રાગ તો ઘોર સંસારનું મૂળ છે જ પણ અહીં કહે છે કે આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે એટલે કે શુભભાવો અનેક પ્રકારના છે તે પણ ઘોર સંસારનું મૂળ છે. આત્મધ્યાન તે મોક્ષનું મૂળ છે તો તેની સામે આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. દયા–દાન–પૂજા–પઠન–પાઠન–વ્રત આદિ અનેક પ્રકારના શુભભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે. ૬૭.

* સવિકલ્પદશા વખતે જ હું દ્રવ્યસ્વભાવે નિર્વિકલ્પ સહજ પરમતત્ત્વ છું—એમ જેને પર્યાયમાં સ્વીકાર આવ્યો ત્યાં તે જીવને ભાવકર્મનું કર્તા–ભોક્તાપણું છૂટી ગયું ને તેનો માત્ર જ્ઞાતા રહી ગયો. એ રીતે ભાવકર્મનું કર્તા–ભોક્તાપણું છૂટી જતાં તે જીવને દ્રવ્યકર્મનો પણ નિરોધ થઈ જાય છે ને દ્રવ્યકર્મ અટકી જતાં સંસારનો પણ નિરોધ થઈ જાય છે. એક અખંડ જ્ઞાયકભાવનો સ્વીકાર આવતાં સંસાર અટકી જાય છે. ૬૮.

卐 શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ કર 卐

શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ તજીને જે જીવ અન્ય કાર્ય કરવા ઇચ્છે છે તે દુર્બુદ્ધિ જીવ અમૂલ્ય ચિંતામણિરત્નને તજીને પથ્થર ગ્રહવા લલચાય છે. —શ્રી તત્ત્વજ્ઞાન-તરંગિણી

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસો,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે. —સંપાદક

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 ' Licensed to Post without prepayment '

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
મંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઇલથી) રૂ. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૬/-
વિદેશ માટે (સી-મેઇલથી) રૂ. ૧૮/-
[વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂ. ૧૬૮/- અલગ]

SANOSARA

A ૬૪૨૬ શ્રી હીરાલાલ પી. દેસાઈ પ્રોફેસર
લોકભારતી, પી. ઓફિ. કાલેજ,
વાયા-ગોંડલ સણોસરા-૩૬૪૨૩૦ (સૌ.)